આજનો સુવિચાર

વિશ્વના સૌથી સુખી લોકો ને એ સમજાયું છે કે, બીજા પાસેથી કંઈપણ અપેક્ષા રાખવી નિરર્થક છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૩૯ જૂનાગઢ તા.૨૧-૦૯-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 239, Junagadh : Date : 21 September, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## સુરત નજીક ટ્રેન ઉથલાવવાનું ષડયંત્ર નિષ્ફળ ટ્રેક પરના ફિશપ્લેટ અને કી કાઢી નખાયા હતા



સુરત તા. ૨૧

દેશમાં ટ્રેન ઉથલાવવાની સતત વધતી જતી ઘટનાઓમાં હવે ગુજરાતનું નામ પણ જોડાઈ ગયું છે અને પશ્ચિમ રેલવે વડોદરા ડિવિઝનની એક ટ્રેન ઉથલાવવાની કોશીશ નાકામ બનાવવામાં આવી છે.

જો આ પ્રયાસ સફળ થયો હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ હોત, પશ્ચિમ રેલવે વડોદરા ડિવિઝનના જણાવ્યા મુજબ સુરત પાસે કીમ રેલ્વે સ્ટેશન નજીક કોઈ વ્યકિતએ અપલાઈનના ટ્રેકની સાથે ચેડા કર્યા હતા અને ટ્રેક ઉપરથી ફિશપ્લેટ અને ચાવી ખોલી નાંખી હતી જેના કારણે ત્યાર બાદ તેના પર પસાર થનારી ટ્રેનને મોટી દુર્ઘટનાની શકયતા હતી. જોકે હાલમાં જ જે રીતે દેશમાં ટ્રેન ઉથલાવવાની ઘટના વધતી જાય છે તે પછી રેલવે દ્વારા મહત્વના તમામ ટ્રેકો પર સતત ચેકીંગ કરવામાં આવે છે અને સુરત પાસે આ ટ્રેક પર દુર્ઘટના સર્જાય તેવી સ્થિતિ ચેકીંગ દરમિયાન જોવા મળતા તુર્ત જ ટ્રેનોને આવાગમનને રોકી દેવામાં આવી છે. લાઈન રીપેર કરીને ટ્રેન વ્યવહાર ચાલુ કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં આ પ્રકારની ટ્રેન ઉથલાવવાની ઘટનાથી તમામ ડિવિઝનને સતત મોનીટરીંગ કરવા જણાવાયું છે.

જે વ્યકિતએ આ પ્રકારે ફિશપ્લેટ અને ચાવી કાઢી છે તે ટ્રેક વ્યવસ્થાનો જાણકાર હોવાનું માનવામાં આવે છે અને તે ટ્રેક ઉપર જ ફિશપ્લેટ રાખી દીધી હતી. જેથી મોટી દુર્ઘટનાનો ભય હતો. રેલ્વે દ્વારા આ અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

ગડકરીએ વધુ એક આડકતરૂ નિશાન તાકયું :

## આપણે સૌ અવસરવાદી બની ગયા છીએ શાસકોએ ટીકા સહન કરવાની તૈયારી રાખવી જોઈએ



પુણે, તા.૨૧: આપણી લોકશાહીની ખરી કસોટી એ છે કે સત્તામાં રહેલી વ્યકતિએ તેની સામેના સૌથી મજબૂત અભિનયને પણ સહન કરવો જોઈએ અને વિરોધ હોય તો આત્મનિરીક્ષણ કરવું જોઈએ. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ આ વાત કહી. તેમણે ચિંતકો, ફિલસૂફો અને લેખકોને કોઈપણ ડર વિના તેમના મંતવ્યો વ્યક્ત કરવા વિનંતી કરી. મંત્રીએ કહ્યું, "હાલમાં આપણો દેશ મતભેદોની નહીં, પરંતુ મતભેદોના અભાવની સમસ્યાનો સામનો કરી રહ્યો છે. જો વિચારકો, તત્વચિંતકો અને લેખકોને એમ લાગતું હોય કે તેમના મંતવ્યો દેશ અને સમાજના હિતમાં છે તો તેમણે તેમના મંતવ્યો વ્યક્ત કરવા જોઈએ. બંધારણને ટાંકીને નીતિન ગડકરીએ કહ્યું કે બંધારણ દરેકને અભિવ્યકતિની સ્વતંત્રતા આપે છે. તેમણે એમ પણ કહ્યું, આપણે લોકશાહીની માતા કહેવાય છે, જે વિધાનસભા, કાર્યપાલિકા, ન્યાયતંત્ર અને મીડિયાના ચાર સ્તંભો પર ઉભી છે. આપણું બંધારણ દરેકના અધિકારો અને જવાબદારીઓને સ્પષ્ટ કરે છે. આ બંધારણ વિચારકોને રાષ્ટ્રીય હિતમાં કોઈપણ ડર વગર પોતાના વિચારો વ્યક્ત કરવાની છૂટ આપે છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી ત્રણ દિવસ અમેરિકાનાં પ્રવાસે : કવાડ શીખર પરિષદમાં હાજરી આપશે

નવી દિલ્હી, તા.૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી ત્રણ દિવસની અમેરિકા મુલાકાતે જવા રવાના થયા છે. જિયો પોલીટીકસ ઉપરાંત વૈશ્ર્વિક પટલ પર એક તરફ રશિયા અને યુક્રેન વચ્ચેના યુધ્ધમાં નિર્ણાયક



સ્થિતિ બની રહી છે અને ઈઝરાયલ તેમજ હમાસ વચ્ચેનો સંઘર્ષ આગળ વધીને મધ્ય પૂર્વમાં વધુ તનાવ સર્જી રહ્યો છે. વડાપ્રધાનની આ અમેરિકી મુલાકાત મહત્વપૂર્ણ બની રહેશે. શ્રી મોદી આવતીકાલે ડેલેવરમાં કવાડ શીખર પરિષદમાં હાજરી આપશે અહીં તેઓ અમેરિકાના પ્રમુખ જો બાઈડન ઉપરાંત જાપાન અને ઓસ્ટ્રેલિયાના રાષ્ટ્રવડાઓને મળશે મોદી બેઠક માટે પ્રમુખ બાઈડનના વતન શહેર વીલમીંગટોન જઈ રહ્યા છે. તેઓ તા.૨૨ના રોજ સંયુકત રાષ્ટ્ર સંઘમાં સમીટ ઓફ ધ ફયુચરને સંબોધીત કરશે અને ન્યુયોર્કમાં તેઓ અમેરિકી કોર્પોરેટ જગતના સીઈઓ સાથે પણ બેઠક કરશે અને બાદમાં તેઓ ન્યુયોર્કથી ૨૮ કિ.મી. દુર ભારતીય સમુદાયના એક આયોજનમાં પણ હાજરી આપશે. હાલમાં વડાપ્રધાનના રશિયા અને યુક્રેન પ્રવાસ બાદ તેમની આ અમેરિકા મુલાકાત બની જાય છે અને દેશમાં ચૂંટણી યોજાયા બાદ મોદીની આ પ્રથમ અમેરિકા મુલાકાત છે

## આગામી નવરાત્રી - દિવાળીનાં તહેવારોમાં ઈ-કોમર્સ કંપનીઓનું વેચાણ $૧૨ બિલિયન થઈ શકે છે

નવી દિલ્હી, તા.૨૧: દેશમાં તહેવારોની સિઝન શરૂ થઈ ગઈ છે અને આગામી દિવસોમાં નવરાત્રીથી લઈને દિવાળી જેવા મોટા તહેવારો આવી રહ્યા છે. દર વર્ષની જેમ આ વખતે પણ તહેવારોની સિઝનમાં બજાર અને અર્થવ્યવસ્થાને વેગ મળવાનો છે. તાજેતરના વર્ષોમાં ઓનલાઈન શોપિંગના વધતા વલણે ઈ-કોમર્સ સેકટર માટે તહેવારોની સિઝનને ખાસ બનાવી દીધી છે. આ વખતે પણ તહેવારો દરમિયાન ઈ-કોમર્સ કંપનીઓનું વેચાણ જબરદસ્ત રહેશે તેવી અપેક્ષા કરાઈ રહી છે. માર્કેટ રિસર્ચ ફર્મ ડેટમ ઈન્ટેલિજન્સનો તાજેતરનો રિપોર્ટ સૂચવે છે કે આ વર્ષે તહેવારોની સિઝનમાં ઈ-કોમર્સ કંપનીઓનું વેચાણ $૧૨ બિલિયનના સ્તરે પહોંચી શકે છે. ગયા વર્ષે, તહેવારોની સિઝનમાં લગભગ $ ૯.૭ બિલિયનની કિંમતનો સામાન ઓનલાઈન વેચાયો હતો. રિસર્ચ ફર્મનું માનવું છે કે આ વખતે તહેવારોની સિઝનમાં વેચાણમાં ૨૩ ટકાનો વધારો થવા જઈ રહ્યો છે. રિપોર્ટ અનુસાર, ઝડપથી વિકસતું કવિક કોમર્સ સેગમેન્ટ ઈ-કોમર્સ કંપનીઓના કુલ વેચાણમાં નોંધપાત્ર યોગદાન રહેવાનું છે. કવિક કોમર્સ સેગમેન્ટથી તહેવારોની સિઝન દરમિયાન સેલમાં આશરે $૧ બિલિયનનું યોગદાન આવી શકે છે.

રાષ્ટ્રીય રિપોર્ટનાં વિશ્લેષણના આધારે

## ગુજરાતની મહિલાઓ 'પાવરફૂલ': પ્રોપર્ટી - માલિકી - નિર્ણયોમાં વધુ સ્વતંત્રતા

અમદાવાદ તા.૨૧

ગુજરાતમાં મહિલાઓને પારિવારીક સ્વતંત્રતા વધુ છે રાજકીય સરેરાશ કરતા ગુજરાતમાં મહિલાઓના નામે જમીન-મકાન કે પ્રોપર્ટી વધુ છે. એટલુ જ નહિં પરિવારનાં નાણાકીય સંચાલનની ટકાવારી પણ વધુ છે. નેશનલ ફેમીલી હેલ્થ સર્વે દ્વારા ૨૦૧૯ થી ૨૦૨૧ માં કરાયેલા જીલ્લાવાર સર્વેમાં એવુ તારણ નીકળ્યુ હતું કે રાષ્ટ્રીય સ્તરે સરેરાશ ૫.૩ ટકા મહિલાઓ પોતાના નામે જમીન-મકાન કે પ્રોપર્ટી ધરાવતી હતી. ગુજરાતને લાગેવળગે છે ત્યાં સુધી આ ટકાવારી ૫.૬ ટકા છે. ગુજરાતના ૩૩ માંથી ૧૨ જીલ્લામાં ટકાવારી રાષ્ટ્રીય સરેરાશ કરતા વધુ છે.આજ રીતે ૧.૭ ટકા મહિલાઓએ સ્વીકાર્યુ હતું કે પારિવારીક ખર્ચ કે પતિ-પરિવારની કમાણી તથા બેંક ખાતાઓમાં તેમની વાત સંભળાય છે અથવા તેનું સંચાલન તેઓ કરે છે. આ પ્રમાણ પણ રાષ્ટ્રીય સ્તરના ૧.૨ ટકા કરતાં વધુ છે. ગુજરાતના ૨૨ જીલ્લાઓમાં આ ટકાવારી રાષ્ટ્રીય સરેરાશ કરતા વધુ છે. આઈઆઈએમ (અમદાવાદ) દ્વારા રીપોર્ટનાં વધુ ઉંડાણપૂર્વકનાં વિશ્લેષણના આધારે પ્રથમ વખત વુમન એન્વાયરમેન્ટ ઈન્ડેકસ (મહિલા સશકિતકરણ આંક) તૈયાર કરવામાં આવ્યો છે. મહત્વના તારણોમાં આવક તથા આર્થિક મોરચે વધુ સ્વતંત્રતા તથા ઘરબહાર નિકળવાની પણ છુટછાટ ધરાવે છે.

## મણીપુરમાં ખતરાની ઘંટડી : મ્યાંમારથી ઘુસ્યા ૯૦૦ આતંકવાદી : તંત્ર સાબદું

નવી દિલ્હી, તા.૨૧: મણિપુરમાં છેલ્લા ૧૬ મહિનાથી હિંસા ચાલી રહી છે. દરમિયાન, એક ઈનપુટએ રાજયની સુરક્ષા એજન્સીઓ માટે ગંભીર ચિંતાઓ ઊભી કરી છે. ઈન્ટેલિજન્સ અનુસાર, ડ્રોન આધારિત બોમ્બ, પ્રોજેકટાઈલ્સ, મિસાઈલ અને જંગલ યુદ્ધની તાલીમ મેળવનારા ૯૦૦થી વધુ કુકી આતંકવાદીઓ મ્યાનમાર થઈને મણિપુરમાં પ્રવેશ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ આતંકવાદીઓ ૩૦ સભ્યોના જૂથોમાં વહેંચાયેલા છે અને રાજયભરમાં ફેલાયેલા છે. મળતી માહિતી મુજબ, ૨૮ સપ્ટેમ્બરે આ આતંકવાદીઓ મીતાઈ જૂથના ગામો પર હુમલો કરવાની યોજના બનાવી રહ્યા છે. આ ગુપ્ત માહિતી મણિપુરના થૌબલ જિલ્લાના ઉચ્ચ અધિકારીએ આપી છે. મણિપુરના સુરક્ષા સલાહકાર કુલદીપ સિંહે આજે ઈમ્ફાલમાં આ ગુપ્તચર અહેવાલની પુષ્ટિ કરતા કહ્યું કે, આ અહેવાલને ગંભીરતાથી લેવામાં આવી રહ્યો છે અને તેને રોકવા માટે અસરકારક પગલાં લેવામાં આવી રહ્યા છે.

મણિપુરમાં લગભગ ૧૬ મહિનાથી હિંસા ચાલી રહી છે. પરંતુ સપ્ટેમ્બરની શરૂઆતમાં થયેલી તાજેતરની હિંસાએ બધાને ચોંકાવી દીધા છે. આ હુમલામાં ડ્રોન, મિસાઈલ અને ખતરનાક આધુનિક હથિયારોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. કુકી અને મીતેઈ સમુદાયો વચ્ચેની લડાઈમાં અત્યાર સુધીમાં ૨૨૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. સેંકડો ઘાયલ થયા છે અને હજારો મિલકતોને નુકસાન થયું છે.

## સોમવારથી ફરી ચોમાસુ સક્રીય થશે

અમદાવાદ / જયપુર,તા.૨૧

સોમવાર તા.૨૩ સપ્ટેમ્બરથી ફરી વખત ચોમાસુ સક્રિય થશે રાજસ્થાનનાં અનેક ભાગોમાં હળવો-મધ્યમ વરસાદ થઈ શકે છે. ગુજરાતના કચ્છ સહીતનાં ભાગોમાં પણ મેઘસવારી રહેશે.

હવામાન વિભાગના સુત્રોએ કહ્યુ કે, ચોમાસાની વિદાય વેળાની સક્રિયતાથી વરસાદ વરસશે તેમાં ભારે કે અતિભારે વરસાદ નહી હોય.રાજસ્થાનમાં એક ડઝન જીલ્લામાં વરસાદની સંભાવના દર્શાવવામાં આવી છે. મોન્સુન ટ્રફ રાજસ્થાનનાં બિકાનેર પરથી પસાર થઈ રહ્યો છે. અપર એર સાયકલોનિક સરકયુલેશન ઉત્તર પૂર્વ રાજસ્થાનના માર્ગે છે.

ગુજરાત-રાજસ્થાન સહીતના રાજયોમાં છેલ્લા બે-ત્રણ સપ્તાહથી વરસાદનું જોર ધીમુ થઈ ગયુ છે અને ચોમાસાની વિદાય શરૂ થવાના સંકેતો હતા તેવા સમયે હવામાન વિભાગે એવુ જાહેર કર્યું છે કે નબળુ પડેલુ ચોમાસું ફરી સક્રિય થઈ રહ્યું છે.

## દિલ્હીના ૯ માં મુખ્યમંત્રી તરીકે આતિશી સાંજે શપથ ગ્રહણ કરશે

નવી દિલ્હી તા. ૨૧

આતિશી દિલ્હીના ૯મા અને સૌથી યુવા મુખ્યમંત્રી અને સુષ્મા સ્વરાજ અને શીલા દીક્ષિત પછી ત્રીજા મહિલા મુખ્યમંત્રી હશે. આતિશી આજે સાંજે ૪:૩૦ વાગ્યે રાજભવનમાં સીએમ તરીકે શપથ લેશે. એલજી વિનય કુમાર સક્સેના તેમને શપથ લેવડાવશે.

## ભક્તોએ દિલ ખોલીને લાલબાગચા રાજાને ૫,૬૫,૯૦,૦૦૦ રૂપિયા કેશ ડોનેટ કર્યા

મુંબઈ, તા.૨૧: ભક્તોની માનતા પૂરી કરવા માટે જાણીતા લાલબાગચા રાજાને આ વર્ષે ભક્તોએ દિલ ખોલીને દાન કર્યું છે. ગણેશોત્સવ ૭ સપ્ટેમ્બરથી ૧૭ સપ્ટેમ્બર સુધી હતો, પણ અસંખ્ય ભક્તોએ બાપ્પાની મૂર્તિનું વિસર્જન થયા બાદ પણ ૨૦ સપ્ટેમ્બર સુધી દાન આપવાનું ચાલુ રાખ્યું હતું. આથી લાલબાગચા રાજા સાર્વજનિક ગણેશોત્સવ મંડળને મળેલા દાનની અંતિમ ગણતરી ગઈ કાલ સુધી ચાલુ રાખવામાં આવી હતી. લાલબાગચા રાજા સાર્વજનિક ગણેશોત્સવ મંડળના અધ્યક્ષ બાળાસાહેબ કાંબળેએ કહ્યું હતું કે લાલબાગચા રાજાનાં ચરણે ૫,૬૫,૯૦,૦૦૦ રૂપિયા કેશ, ૪૧૫૧.૩૬૦ ગ્રામ સોનાના અને ૬૪,૩૨૧ ગ્રામ ચાંદીના દાગીના ધર્યા હોવાનું જણાઈ આવ્યું છે.


ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક

NIT® ટેકનીકલ કોલેજ

સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં શિક્ષણ
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી તદ્દન નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ

⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ફિંગર ટચ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો

Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com



૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ



મકાન વેચવાનું છે

ત્રણ માળનું, કાટખુણાનું,
નીચે ત્રણ દુકાન અને ગોડાઉન
અનંત ધર્માલયની સામે,
માંગનાથ રોડ, જૂનાગઢ
દલાલભાઈ આવકાર્ય
સંપર્ક : ૯૪૨૮૪ ૪૧૪૨૭








તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા

જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮

નક્ષત્ર – જ્યોતિષ

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮,
તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું



સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે

અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે

નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ

મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

# "સ્વચ્છતા હી સેવા-૨૦૨૪" અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં શાળાના બાળકોથી લઈને વૃદ્ધો સહિતના સ્વચ્છતા અભિયાનમાં જોડાયા





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારતના સ્વપ્નને સાકાર કરવા દેશભરમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈ અભિયાન વેગવંતુ છે. ત્યારે જૂનાગઢ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા જાળવવા પ્રત્યે નાગરિકોમાં પ્રતિબદ્ધતા વધી રહી છે. જે અન્વયે જૂનાગઢ જિલ્લામાં શાળાઓમાં શિક્ષકો દ્વારા સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના બાળકોથી લઈને વૃદ્ધો સુધી, દરેક વ્યક્તિ સ્વચ્છતા અભિયાનમાં જોડાઈ રહ્યા છે અને તેમની આસપાસની સ્વચ્છતા અને પર્યાવરણને સુધારવા માટે સક્રિય પગલાં લઈ રહ્યા છે. જૂનાગઢ જિલ્લાના તમામ તાલુકામાં વિવિધ સ્તરે સ્વચ્છતા પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. નાગરિકો સ્વચ્છતાની મહત્તા સમજીને આસપાસ સ્વચ્છતા જાળવે તે હેતુથી કાર્યરત આ અભિયાન હેઠળ આજરોજ જિલ્લાભરમાં વિવિધ ગામો કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત ચાલતી સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ શાખા દ્વારા જિલ્લાના તમામ ગામડાંઓમાં સ્વચ્છતાનો સંદેશ પાઠવવામાં આવી રહ્યો છે.

# જૂનાગઢની જીએમઈઆરએસ હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા મેડિસિન વિભાગના ડો. હિરેન ડાંગરની ની સરાહનીય કામગીરી





જૂનાગઢ તા. ૨૧

વર્તમાન સ્થિતિમાં મિક્ષ ઋતુના કારણે લોકોમાં શરદી, ઉધરસ અને તાવ જેવા લક્ષણોમાં વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે જૂનાગઢની જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ વિભાગમાં રૂમ નંબર ૧૦૩માં ઓપીડી વીભાગમાં બેસતા ડૉ. હિરેન ડાંગરની કામગીરી સરાહનીય રહી છે. ડૉ. શ્રી હિરેન ડાંગરે જણાવેલ કે, વર્તમાન સ્થિતિમાં લોકોને થાક. માથું દુખવું, શરદી, ઉધરસ કે તાવ જેવી તકલીફનો અહેસાસ થાય તો તાત્કાલિક સરકારી દવાખાને અથવા નજીકના સરકારી પ્રાથમિક સારવાર કેન્દ્રમાં સારવાર તથા નિદાન કરાવવા માટે પહોંચી જવું જેથી કરીને રોગને કાબુમાં કરી સ્વસ્થ થવામાં સરળતા રહે. જ્યારે સિવિલ હોસ્પિટલમાં ઓપીડીમાં રોજના અંદાજિત ૧૦૦ થી વધારે જેટલા દર્દીઓનો નિદાન તથા સારવાર કરાવવા માટે આવે છે.

# જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા મેનસ્ટ્રૂલ હાઈજીન દિવસની ઉજવણી





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી જૂનાગઢ દ્વારા "બેટી બચાવો બેટી પઢાવો" યોજના અંતર્ગત સંકલ્પ DHEW ટીમ દ્વારા મેનસ્ટ્રૂલ હાઈજીન દિવસની ઉજવણી ગ્રામ પંચાયત હાઈસ્કૂલ બીલખા અને દેવ પ્રયાગ સંકુલ જૂનાગઢ ખાતે કરવામાં આવી હતી. જેમાં કિશોરીઓને શોર્ટ ફિલ્મ બતાવી માસિકધર્મ સ્વાસ્થય અંગેની જાળવણી અંગે તેમજ માસિકધર્મ દરમ્યાન થતી તકલીફો અને સાર-સંભાળ અંગે સમજ આપવામાં આવી. સેનેટરી પેડનાં ઉપયોગ અને સુરક્ષિત ડિસ્પોઝ અંગે પણ ચર્ચા કરી. આ ઉપરાંત લાભાર્થી તમામ કિશોરીઓને માસિકધર્મ સ્વાસ્થય જાળવણી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય, શિક્ષકગણ, ડીસ્ટ્રીકટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેનના કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા.

# સાંત્વન વિકાસ મંડળ માખીયાળા ખાતે આજે દિવ્યાંગો માટે કૃત્રિમ પગ વિતરણ કેમ્પ યોજાશે

(ધીરૂ સોની દ્વારા)

જૂનાગઢ તા.૨૧

સાંત્વન વિકાસ મંડળ જૂનાગઢ અને શ્રીમતી પ્રભાબેન વાઘન સાધન સહાય કેન્દ્ર દ્વારા આયોજીત દિવ્યાંગોમાં કૃત્રિમ પગ વિતરણ કેમ્પ (નિઃશુલ્ક)નો કાર્યક્રમ આજે સાંજના ૫ કલાકે સાંત્વન વિકલાંગ વિકાસ મંડળ માખીયાળા ખાતે યોજાશે. લાભાર્થીઓના પગનું માપ અને એસેમેન્ટ કરી ત્રણ દિવસના વર્કશોપ બાદ આ નિઃશુલ્ક કેમ્પ યોજાઈ રહ્યો છે ત્યારે દિવ્યાંગોની સર્વતોમ સેવાકાર્યમાં કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને જૂનાગઢ જીલ્લા કલેકટર અનિલ રાણાવાસીયા રહેશે. જ્યારે કાર્યક્રમનું ઉદઘાટન ધારાસભ્ય સંજય કોરડીયાના હસ્તે કરવામાં આવશે.

મુખ્ય અતિથી તરીકે અશ્વિનભાઈ પંડયા વિકલાંગ સમાજ સેવી પી.આર. વાઘર, વિકલાંગ સાધન સહાય કેન્દ્ર માનદ મંત્રી તથા ટ્રસ્ટી રહેશે. સ્વ. ભરતભાઈ શાહની સ્મૃતિમાં શ્રીમતી જયોતિબેન શાહ પરિવારના સૌજન્યથી કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. તેમાં જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી વસીમ સૈયદ, જીલ્લા બાળ સુરક્ષા અધિકારી રમેશભાઈ મહીડા, સિવીલ હોસ્પિટલના સુપ્રિટેન્ડટ કૃતાર્થ બ્રહ્મભટ્ટ તેમજ વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેશે. જ્યારે મેડિકલ સેવા રવિભાઈ વાટલીયા તથા ટેકનીશયન ટીમ દ્વારા આપવામાં આવશે. સાંત્વન વિકલાંગ વિકાસ મંડળ માખીયાળાના પ્રમુખ નિલમબેન પરમાર તથા રેખાબેન પરમાર દ્વારા આમંત્રિતોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ વેટરનરી કોલેજ કૃષિ યુનિવર્સિટી કેમ્પસ જૂનાગઢ ખાતે ચિંતન શિબિર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

રાજ્યના કૃષિ,પશુપાલન અને ગૌ-સંવર્ધન મંત્રી રાઘવજીભાઈ પટેલ જૂનાગઢ ખાતે પ્રવાસે આવનાર છે, જેમાં કૃષિ મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને તથા રાજય કક્ષાના મંત્રી મત્સય ઉધ્યોગ અને પશુપાલન પરષોતમ ભાઈ સોલંકીની ગરીમામય ઉપસ્થિતીમાં તા.૨૨ના રોજ ૯ કલાકે કામધેનું યુનિવર્સીટી, વેટરનરી કોલેજ કૃષિ યુનિવર્સિટી કેમ્પસ જૂનાગઢ ખાતે ચિંતન શિબિર યોજાનાર છે. આ ચિંતન શિબિરમાં પશુપાલન ખાતું, કામધેનુ યુનિવર્સીટી, જિલ્લા દુધ સંઘ અને ફેડરેશન, નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ, મરઘા સબંધિત ખાનગી કંપની, અગ્રગણ્ય પ્રાઈવેટ પ્રેકટીશનર તેમજ અન્ય અગ્રગણ્ય સંસ્થાઓ વગેરેને સાંકળી લઈ અંદાજીત ૨૦૦ સહભાગીઓની અપેક્ષીત હાજરી આપશે. આ તકે કૃષિ મંત્રી રાઘવજી પટેલ, રાજય કક્ષાના મંત્રી પરષોતમ ભાઈ સોલંકી, સચિવ સંદિપ કુમાર, ચેરમેન એન.ડી.ડી.બી., મેનેજિંગ ડાયરેકટર જી.સી.એમ.એમ.એફ તેમજ પશુપાલન અને ડેરી ક્ષેત્રના અગ્રગણ્ય નિષ્ણાંતો દ્વારા ૧.પશુપાલન વ્યવસાયમાં તકો, પડકારો અને ઉકેલ ૨. પશુચિકિત્સા શિક્ષણ અને સંશોધન, ૩.પશુપાલન વ્યવસાયમાં નવીનતા, રોકાણ અને નિકાસ, ૪.પશુપાલન ક્ષેત્રમાં માનવ સંસાધન વિકાસ અને નીતિ માળખું, નિયમો અને કાયદા ૫.પશુપાલન વિભાગની કામગીરીનું અવલોકન અને ભવિષ્ય માટે આયોજન વગેરે બાબતો ઉપર પશુપાલન અંગે વકત્વ્યો આપી ચિંતન કરવામાં આપવામાં આવશે.

# જીઈબી એન્જીનીયર્સ એશો.ની રજુઆતને જેટકો મેનેજમેન્ટ દ્વારા હકારાત્મક અભિગમ અપનાવી બે ઈજનેરોનું સસ્પેન્શન રદ કર્યું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જીઈબી એન્જીનીયર્સ એશોશિએશનની રજૂઆતને જેટકો મેનેજમેન્ટ દ્વારા હકારાત્મક રીતે ધ્યાને લેતા ૨ ઈજનેરોનું સસ્પેન્શન તા.૧૯-૯-૨૪ના રોજ રદ કરવામાં આવેલ છે. તેમજ અન્ય પડતર પ્રશ્નોમાં આવનાર દિવસોમાં સર્કલ, ડિવિઝન, ઝોનનું બાયફરકેશન નોર્મ્સ મુજબ કરવામાં આવનાર છે. ખાલી પડેલ જગ્યાઓમાં જુનિયર ઈજનેરની ભરતીની પ્રક્રિયા આદરેલ છે તેમજ ઉપલી કેડરની પોસ્ટો બઢતીથી ટૂંક સમયમાં ભરવાની ખાત્રી મેનેજમેન્ટ દ્વારા આપવામાં આવેલ છે. અન્ય પડતર પ્રશ્નોનું નિરાકરણ જેટકો મેનેજમેન્ટ સાથે મિટિંગ કરી ટૂંક સમયમાં કરવામાં આવશે. જીબીયાની રજૂઆતો પ્રત્યે હકારાત્મકતા દર્શાવતા જેટકો મેનેજમેન્ટનો ખુબ ખુબ આભાર માની અસહકારનું આંદોલન અને વર્ક ટુ રૂલના કાર્યક્રમ હાલ પુરતા સ્થગિત કરવાનો નિર્ણય જીઈબી એન્જીનીયર્સ એશોશિએશનના હોદેદારોએ કરેલ છે. આ તબક્કે સમગ્ર બાબતને ગુજરાત ભરના ન્યૂઝ પેપરમાં પ્રસિધ્ધ કરવા બદલ મીડિયાનો પણ એશોશિએશન આભાર માને છે. તેમ જેટકોના ઉપપ્રમુખ હરેશ વઘાસીયા અને મહામંત્રી નિરવ બારોટની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ઔદિચ્ય ઝાલાવાડી બ્રહ્મસમાજ, જૂનાગઢ દ્વારા આયોજિત ફ્રી વેલકમ નવરાત્રીનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

શ્રી ઔદિચ્ય ઝાલાવાડી બ્રહ્મસમાજ, જૂનાગઢ દ્વારા ફક્ત જ્ઞાતિજનો માટે તા.૨૧-૯-૨૪ને શનિવારે સાંજે ૭ થી ૧૨ સુધી શ્રી ઔદિચ્ય ઝાલાવાડી બ્રહ્મસમાજની વાડી, મનોરંજન ગેસ્ટ હાઉસ સામે, બીલખા રોડ, જૂનાગઢ ખાતે ઔદિચ્ય ઝાલાવાડી બ્રહ્મસમાજના પ્રમુખ જયદેવભાઈ જોશીના માર્ગદર્શન હેઠળ ફ્રી વેલકમ નવરાત્રીનું આયોજન કરવામાં આવેલ છે. તો સર્વે જ્ઞાતિજનોને આ રાસોત્સવ કાર્યક્રમમા સમયસર પધારવા જણાવવામા આવેલ છે, આ રાસોત્સવમાં સિંગર મયુર દવે, ઓર્કેસ્ટ્રા સ્ટાર હરીઓમ પંચોલી પોતાની સેવાઓ આપશે. તેમજ રાસોત્સવ પૂર્ણ થયા બાદ અલ્પાહારની વ્યવસ્થા પણ રાખવામાં આવેલ છે તેમ યુવક મંડળના પ્રમુખ વીરેન્દ્ર જોશીએ એક યાદીમાં જણાવેલ છે.

# શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મ સમાજ, જૂનાગઢ દ્વારા પ્રતિક એક દિવસનો નવરાત્રી મહોત્સવ ઉજવાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મસમાજ, જૂનાગઢ દ્વારા ફકત જ્ઞાતિજનો માટે ઘણા વર્ષોથી નવરાત્રી દરમ્યાન પ્રતિક એક દિવસનો નવરાત્રી મહોત્સવ ઉજવવામાં આવે છે, તે મુજબ ચાલુ વર્ષે પણ આગામી તા.૫-૧૦-૨૪ને શનિવારે રાત્રે ૭:૩૦ થી ૧૦:૩૦ સુધી જ્ઞાતિની વાડી, ગાંધીગ્રામ ખાતે રાસોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ કુળદેવીશ્રી કનકાઈ માતાજીની આરતી થશે પછી રાસોત્સવ અને છેલ્લે અલ્પાહારનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તો સર્વે જ્ઞાતિજનોને આ કાર્યક્રમમાં સમયસર પધારવા અને રાસોત્સવમાં ભાગ લેવા માટે સંસ્થાના મંત્રી હિતેશભાઈ મહેતાએ એક યાદીમાં નિમંત્રણ પાઠવેલ છે.

# જૂનાગઢના પત્રકાર હરેશ દવેનો આજે જન્મદિવસ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢના પત્રકાર હરેશ દવેનો આજે ૨૧ સપ્ટેમ્બરના રોજ જન્મદિવસ હોય તેઓને શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે. છેલ્લા કેટલાય વર્ષોથી પત્રકારત્વ તરીકે ખુબ જ મીલનસાર અને લોકોના પ્રશ્નોને વાચા આપવાનું કાર્ય કરનાર પત્રકાર હરેશભાઈ દવેનો આજરોજ જન્મદિવસ હોય તે પ્રસંગે વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, પત્રકાર મિત્રો અને સ્નેહિજનો દ્વારા તેઓને મોબાઈલ નં.૯૭૭૩૨ ૫૭૫૯૮ ઉપર શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.


**દુકાન વેચવાની છે**

જૂનાગઢમાં કાળવા ચોક પોલીસ ચોકીની સામે, રોડ ટચ, રોડ ઉપર

કોન્ટેકટ

મો. ૯૪૨૮૬ ૨૨૪૫૭

**ખીચીયા પાપડનું ન્યુ બ્રાન્ડ મશીનનુ યુનીટ વેચવાનું છે**

ઓટોમેટીક સ્પીડવાળુ મશીન વેચવાનું છે

:: કોન્ટેક ::

મો. ૯૪૨૮૨ ૪૧૩૭૪

**:: શ્રીનાથજી યાત્રા સંઘ ::**

રેલ્વેમાં ચંપારણ, જગ્ગન્નાથપુરી, કલકત્તા (સીટી દર્શન), ગંગા સાગર, કૌર્નાક, ભુવનેશ્વર, સાક્ષિ ગોપાલ, ચંદ્ર ભાગાબીચ, ધવલગીરી હીલ, નવેમ્બર, ડીસેમ્બરનું રેલ્વે બુકીંગ ચાલુ છે

:: કોન્ટેક ::

**સુરેશભાઈ મજીઠીયા**

મો. ૯૪૨૬૦ ૫૧૮૭૮

મો. ૯૪૨૮૬ ૯૯૭૬૩

**ભેળસેળ સાબિત કરનારને ઈનામ ૧ લાખ**

૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.

માખણ રૂા. ૪૦૦/-

મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-

૧૦૦% ગેરંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી

ભેંસનું ઘી રૂા. ૫૮૦/-

ગાયનું ઘી રૂા. ૬૨૦/-

મલાઈવાળું દહી, ઘોરવું

તાજુ પનીર ગાયનું દુધ

**શ્રી ચંદ્ર ડેરી ફાર્મ**

શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી

(અશોકભાઈ)

આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક**

• ટચૂકડી જાહેર ખબર •

જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

ટચુકડી જાહેરાત દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**



ધીરૂભાઈ જે. સોની

નવો નંબર નોંધી લેશો

મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩

વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩

કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**

દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.

મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ

**વિજય ઘી ડીપો**

પવિત્ર શ્રાવણ માસ...

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ગાયનું તાજુ ઘી તથા ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે

**વિજય ઘી ડીપો**

ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ

મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

**દિપક ફટાકડા સેન્ટર**

લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે

**દિપક ફટાકડા સેન્ટર**

C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.

ફોન: ૨૬૫૨૬૧૨

**સ્વાદનો ચટકો !**

અમારે ત્યાંથી

- પાણીપુરી
- ભેળ
- સમોસા રગડો
- મસાલાપુરી
- દાબેલી
- રગડા પેટીસ
- દહીપુરી
- દિલ્હી ચાટ
- બાસ્કેટ ચાટ
- સેવપુરી
- લસણીયા બટેટા

તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે

:: ખાસ નોંધ ::

લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.

**જલારામ પાણીપુરી**

પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.

જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે

**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**

વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

**આઈસ્ક્રીમ**

અંદર બેસવાની સુંદર વ્યવસ્થા

ક્રીમ લચ્છી

સન્ડે આઈસ્ક્રીમ

ક્રિમ મિલ્ક સેઈક

શિખંડ - બાસુંદી - દહીંવડા

કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

બેકરીની બધી જ આઈટમ ઘઉંમાં મળશે સ્પે. પંજાબી પફ મળશે આઈસ કેકનાં સ્પેશ્યાલીસ્ટ

**નારાયણ બેકરી**

સુખનાથ ચોક જૂનાગઢ

મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

**વંદના બેકરી**

તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ

મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

# ટીસીએસઆરડીએ ક્લોથ બેગ વેન્ડિંગ મશીન સાથે પ્લાસ્ટિક કચરાને દૂર કરવાની દિશામાં પહેલ કરી







દ્વારકા, તા.૨૧

ટાટા કેમિકલ્સ લિમિટેડની સીએસઆર પાંખ ટાટા કેમિકલ્સ સોસાયટી ફોર રૂરલ ડેવલપમેન્ટ (ટીસીએસઆરડી)એ ‘ક્લોથ બેગ વેન્ડિંગ મશીન’ સ્થાપિત કરીને પ્લાસ્ટિકના કચરાને ઘટાડવાના ઉદ્દેશ્ય સાથે એક નવી પહેલ શરૂ કરી છે.

માનનીય ધારાસભ્ય પબુભા માણેક દ્વારા બેટ દ્વારકા મંદિર ખાતે ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ આ મશીનનું સત્તાવાર ઉદઘાટન કરાયું હતું, જે પ્રસંગે ટાટા કેમિકલ્સ ખાતે ચીફ મેન્યુફેક્ચરિંગ ઓફિસર એન. કામથ, જીપીસીબી અધિકારી ગૌરાંગ ભટ્ટ, તાલુકા પંચાયત પ્રમુખ દેવી સિંઘ અને બીજા મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. ધારાસભ્ય પબુભા માણેકે રિબન કટ કરીને મશીનમાંથી પ્રથમ કાપડની થેલી ખરીદી હતી તથા તેની ગુણવત્તાની પ્રશંસા કરી હતી.

આ પહેલથી બમણા લાભ થાય છે. પ્રથમ, ટીસીએસઆરડી અંતર્ગત સ્વ-સહાય જૂથ (એસએચજી) કપડાની બેગના ઉત્પાદનમાં કાર્યરત છે અને બીજું, ‘નિરંતર’ દ્વારા વેન્ડિંગ મશીનના માધ્યમથી બેગનું વેચાણ કરાય છે. આ સમૂહ દિવ્યાંગ લોકોને સપોર્ટ કરે છે તથા તેમને સાર્થક આજીવિકાની તક પ્રદાન કરે છે. આ પ્રોજેક્ટ પર્યાવરણ અને સામાજિક સશક્તિકરણના પ્રયાસોરૂપે કામ કરે છે, જે પ્લાસ્ટિક કચરામાં ઘટાડો કરવાની સાથે-સાથે દિવ્યાંગોને આર્થિક સહાયતા પ્રદાન કરે છે.

ટાટા કેમિકલ્સ ખાતે ચીફ મેન્યુફેક્ચરિંગ ઓફિસર એન. કામથે કહ્યું હતું કે, “આ પહેલ બે મહત્વપૂર્ણ પાસાઓને ભેગા કરે છે – પ્લાસ્ટિકના કચરામાં ઘટાડો અને આજીવિકાને સપોર્ટ કરવો. અમે આગામી દિવસોમાં આ પ્રોજેક્ટનું વિસ્તરણ કરતાં નાગેશ્વર મંદિર, દ્વારકા મંદિર અને ટાટા કેમિકલ્સ ટાઉનશીપ ખાતે વધુ મશીન સ્થાપિત કરીશું.’’

વેન્ડિંગમ શીન એટીએમની જેમ કામ કરે છે, જે વપરાશકર્તાઓને રૂા.૧૦નો સિક્કો નાખીને કાપડની થેલી પ્રાપ્ત કરવામાં મદદરૂપ બને છે. ૩૦૦ બેગ સુધી રાખવાની ક્ષમતા સાથે મશીનનો હેતુ સિંગલ-યુઝપ્લા સ્ટિકનો વ્યવહારુ અને ઈકો-ફ્રેન્ડલી વિકલ્પ પ્રદાન કરવાનો છે. આ પહેલ સમુદાય કલ્યાણને પ્રોત્સાહિત કરવાની સાથે ટકાઉપ્રથાઓને પ્રોત્સાહન આપવા માટે ટીસીએસઆરડીની પ્રતિબદ્ધતા દર્શાવે છે તેમજ ભવિષ્યના પર્યાવરણીય અને સામાજિક પ્રોજેક્ટ્સ માટે એક ઉદાહરણ સ્થાપિત કરે છે.

# ડો. સુભાષ યુનિવર્સિટી જૂનાગઢ દ્વારા ઇકો-ફ્રેન્ડલી ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું





જૂનાગઢ, તા.૨૧

ડો.સુભાષ યુનિવર્સિટી દ્વારા દર વર્ષેની જેમ આ વર્ષે પણ ઈકો-ફ્રેન્ડલી ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પર્યાવરણ પ્રેમી માટીના ગણેશજીનું સ્થાપન કરવામાં આવ્યું હતું. પર્યાવરણને નુકશાન કાર્ય વિના ઈકોફ્રેન્ડલી ઉજવણીની જાગૃતતા લાવવા માટે અને જમીન તથા જળ દૂષણને અટકાવવા યુનિવર્સિટી એક મહત્વની પહેલ કરી રહી છે. આ ઉત્સવમાં યુનિવર્સીટીના વિવિધ વિભાગોના શિક્ષક, વિદ્યાર્થી, અને સ્ટાફ દ્વારા રોજ ગણપતિ પૂજન કરવામાં આવ્યું હતું અને ઉત્સવના અંતે "મૂર્તિ વિસર્જન" કાર્યક્રમ પણ સંપૂર્ણપણે પર્યાવરણને અનુકૂળ રીતે પાર પાડવામાં આવ્યું. જેમાં મૂર્તિનું વિસર્જન પણ યુનિવર્સીટીના કેમ્પસમાં જ ખાડો કરીને કરવામાં આવ્યું અને તેની પાર એક ઔષધીય વૃક્ષનું રોપવામાં આવ્યું .યુનિવર્સિટીએ શહેરના નાગરિકોને પણ આમંત્રણ આપ્યું છે કે તેઓ આ અભિયાનમાં જોડાય અને પર્યાવરણની સુરક્ષા માટે પોતાનું યોગદાન આપે. ડો.સુભાષ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ રાજભાઈ ચાવડા, યુનિવર્સિટીના પ્રોવોસ્ટ દીપકભાઈ પટેલ રજીસ્ટર ડોક્ટર જીગ્નેશ પટેલ આ ભવ્ય આયોજન માટે ક્લચરલ કમિટી અને તેમના હેડ ડો.પ્રદીપ કાછિયાને અભિનંદન પાઠવ્યા હતા.

# માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપનીની તેરમી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

## સભાસદોમાટે ૯ ટકા ડિવિડન્ડ જાહેર કરાયું : રૂપિયા ૨૧.૫૧કરોડનો નફો

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ,તા.૨૧



દૂધ ઉત્પાદકોની પોતાની સંસ્થામાહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડની તેરમી વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૦મી સપ્ટેમ્બરને શુક્રવારના રોજ સયાજી હોટલ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે યોજાઇ હતી. વિશાળ દૂધ ઉત્પાદકોની ઉપસ્થિતિમાં યોજાયેલી આ વાર્ષિક સાધારણ સભામાં સંસ્થાના ચેરમેન વિજયભાઇ ઓડેદરાએ ગત નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન સંસ્થાએ સાધેલા વિકાસની રૂપરેખા રજુકરી હતી. જ્યારે સંસ્થાના મુખ્ય કાર્યપાલક ડો. સંજય ગોવાણીએ વર્ષ દરમિયાન સંસ્થાએ કરેલા કાર્યોની વિગતઆપી હતી. માહી ડેરીએ ગત વર્ષ દરમિયાન કુલ રૂપિયા ૧૯૬૮ કરોડની આવક નોંધાવી છે જ્યારે રૂપિયા ૨૧.૫૧ કરોડનો નફો નોંધાવ્યો છે. સંસ્થાએ તેના સભાસદોને ૯ ટકા ડિવિડન્ડ જાહેર કર્યુ છે જે સંસ્થાની દૂધ ઉત્પાદક સભ્યો પ્રત્યેની પ્રતિબધ્ધતા દર્શાવે છે.

# અદાણી એનર્જી સોલ્યુશન્સના શેરમાં ૧૩૦% રેલીની આગાહી

અમદાવાદ, તા.૨૧

વૈશ્વિક અને વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોનો એક ભાગ અદાણી એનર્જી સોલ્યુશન્સ લિમિટેડના શેર વૈવિધ્યસભર વ્યવસાયમાં મજબૂત વૃદ્ધિ સાથે ૧૩૦% રેલી કરી શકે છે. રિસર્ચ ફર્મ કેન્ટર ફિટ્ઝગેરાલ્ડે અદાણી ગ્રૂપના પાવર ટ્રાન્સમિશન આર્મનું ‘ઓવરવેઈટ’ રેટિંગ સાથે કવરેજ શરૂ કર્યું હતું. BSE પર અગાઉના રૂા. ૯૭૯.૪૫ના સામે તેણે શેર દીઠ રૂ. ૨,૨૫૧નો લક્ષ્યાંક ભાવ આપ્યો છે.AESLનાડાયવર્સિફાઇડ પોર્ટફોલિયોમાં ટ્રાન્સમિશન એસેટ્સ, ડિસ્ટ્રિબ્યુશન એસેટ્સ અને સ્માર્ટ મીટરિંગ બિઝનેસનો સમાવેશ થાય છે.૧૯ સપ્ટેમ્બરના રોજ પ્રકાશિત કેન્ટરનાએક અહેવાલમુજબઝડપથી વિસ્તરી રહેલા એનર્જી માર્કેટમાં પકડ જમાવવાતે આકર્ષક રીત હોઈ શકે છે.AESL યુ.એસ., યુરોપ અથવા એશિયામાં અન્ય જાહેરમાં ટ્રેડેડ યુટિલિટી અને એનર્જી કંપની કરતાંવધુ વૃદ્ધિ પ્રદાન કરે છે. રિસર્ચ ફર્મને અપેક્ષા છે કે નાણાકીય વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૭ દરમિયાન કંપનીની આવક ૨૦% ના CAGR ઉપર વધશે.કેન્ટોરે તેના અહેવાલમાંટ્રાન્સમિશન બિઝનેસ મજબૂત વૃદ્ધિ માટે તાજેતરમાં કંપનીને એનાયત થયેલા નવ પ્રોજેક્ટસની નોંધ ખાસ લીધી છે. રિસર્ચ ફર્મના અનુમાન પ્રમાણે ડિસ્ટ્રિબ્યુશન બિઝનેસ ડબલ-ડિજિટ રેટની નજીક વૃદ્ધિ પામવા સક્ષમ હોવો જોઈએ. "સ્માર્ટ મીટરિંગ બિઝનેસ અર્થપૂર્ણ આવક/નફો ચોક્કસ કરશે.કંપની ૨૨.૮ મિલિયન સ્માર્ટ મીટરના બેકલોગમાં કામ કરતી હોવાથી તે વધુ ૪૦ મિલિયન સ્માર્ટ મીટર જીતી શકે છે."કેન્ટરે જણાવ્યું હતું કે, પાવર ટ્રાન્સમિશન પ્લેયર તરીકે તે ઓછામાં ઓછા આગામી દાયકા સુધી વૃદ્ધિ ચાલુ રાખશે. દરમિયાન વિખ્યાત બ્રોકરેજ ફર્મ જેફરીઝે જણાવ્યું હતું કે, પાવર ડિસ્ટ્રિબ્યુશન ભારતમાં તેજી પામતા સ્માર્ટ મીટરિંગ માર્કેટનો લાભ ઉઠાવવા માટે તૈયારી કરી રહ્યું છે.સરકાર ૨૦૨૬ સુધીમાં ૨૫ કરોડ સ્માર્ટ મીટર સ્થાપિત કરવાનું લક્ષ્યાંક ધરાવે છે. જેફરીઝેશેર પર ‘બાય’ રેટિંગ સાથે ૩૮% ઉછાળાનાસંકેતઆપ્યાછે.

દેશની સૌથી મોટી ખાનગી ટ્રાન્સમિશન કંપની AESL એનર્જી ડોમેનના વિવિધ પાસાઓમાં હાજરી ધરાવતી મલ્ટીડાયમેન્શનલ સંસ્થા છે.જેમાં પાવર ટ્રાન્સમિશન, વિતરણ, સ્માર્ટ મીટરિંગ અને કૂલિંગ સોલ્યુશન્સનો સમાવેશ થાય છે. AESL ભારતના અગ્રણી સ્માર્ટ મીટરિંગ ઈન્ટિગ્રેટર બનવાની તૈયારીમાં છે. AESL ઉર્જા લેન્ડસ્કેપમાં સૌથી વિશ્વસનીય, સસ્તું અને ટકાઉ પરિવર્તન લાવવા ઉત્પ્રેરક છે.

# આજે આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ




આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ દર વર્ષે ૨૧ સપ્ટેમ્બરે સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. આ દિવસ તમામ દેશો અને લોકો વચ્ચે શાંતિના આદર્શો બનાવવા માટે સમર્પિત છે. વિશ્વ અથવા આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસને શાંતિ દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે, જેની સ્થાપના ૧૯૮૧માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સર્વસંમતિથી ઠરાવ સાથે કરવામાં આવી હતી.

આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ શાંતિપૂર્ણ અને ટકાઉ વિશ્વના નિર્માણ માટે વૈશ્વિક એકતાની શક્તિની ઉજવણી કરે છે. ૨૦૨૪ની થીમ ‘કલ્ટિવેટીંગ એ કલ્ચર ઓફ પીસ’ યુનેસ્કોની પાયાની માન્યતામાંથી પ્રેરણા મેળવે છે કે યુદ્ધો પુરૂષોના મગજમાં શરૂ થાય છે, તેથી તે પુરૂષોના મનમાં છે કે શાંતિના સંરક્ષણનું નિર્માણ કરવું જોઈએ. આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ ઘણીવાર કબૂતર અને ઓલિવ શાખાના પ્રતીકો સાથે સંકળાયેલો છે જ્યાં કબૂતર શાંતિ અને સ્વતંત્રતાનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે ઓલિવ શાખા પ્રાચીન સમયથી શાંતિનું પરંપરાગત પ્રતીક છે.

શાંતિ માટે ક્રિયાઓ જોઈએ તો શાંતિ ચાલ/દોડનું આયોજન કરો, શાંતિ ભીંતચિત્ર બનાવો, શાંતિ થીમ આધારિત ફિલ્મ નાઈટ હોસ્ટ કરો, આંતરધર્મ સંવાદ, આંતર-પેઢી સંવાદ, શાંતિ માટે કોન્સર્ટ, કવિતા શાંતિ માટે સ્લેમ, શાંતિ માટે સમુદાય બગીચો, આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસે એક મિનિટનું મૌન પાળવામાં આવે છે. દરેક વિશ્વ શાંતિ દિવસ સ્થાનિક સમય બપોરના સમયે, વિશ્વભરના લોકો એક મિનિટનું મૌન પાળે છે.

આઠ મુખ્ય પરિબળો, અથવા સ્તંભો, જેમાં સકારાત્મક શાંતિ શામેલ છે. જે જોઈએ તો સારી રીતે કામ કરતી સરકાર, ધ્વનિ વ્યાપાર પર્યાવરણ, સંસાધનોનું સમાન વિતરણ, અન્યના અધિકારોની સ્વીકૃતિ, પડોશીઓ સાથે સારા સંબંધો, માહિતીનો મફત પ્રવાહ, માનવ મૂડીનું ઉચ્ચ સ્તર, ભ્રષ્ટાચારનું નીચું સ્તર વગેરેનો સમાવેશ થાય છે. - ડો.જી.આર.ગોહિલ

# શ્રાદ્ધમાં દર્ભ એટલે દાભડા કે કુશનું મહત્વ

દેવકાર્ય કે પિતૃ કાર્યમાં દર્ભ, દાભડો કે કુશ તરીકે ઓળખાતી આ વનસ્પતિ ખાસ ઉપયોગમાં લેવામાં આવે છે. જો દર્ભ ન હોય તો પિતૃકાર્ય પૂર્ણ થઈ શકતું નથી. મહાભારત, મત્સ્યપુરાણ, અથર્વવેદ સહિતના ગ્રંથોમાં દર્ભનું મહત્વ સમજાવતા વર્ણનો જોવા મળે છે. વેદો અને પુરાણોમાં તેને ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે. વૈજ્ઞાનિકોએ આ દર્ભ ઉપર સંશોધન કરતા તે શરીરની ઉર્જાને જમીનમાં જતી રોકવા શક્તિમાન છે તેવું તારણ કાઢેલું છે. મત્સ્ય પુરાણ માં એવો ઉલ્લેખ જોવા મળે છે કે, ભગવાન વિષ્ણુના વરાહ અવતાર ના શરીરથી આ દર્ભ ઉત્પન્ન થયો છે.સનાતન ધર્મમાં કુશ કે જેને દર્ભ કે દાભડા તરીકે પણ ઓળખવામાં આવે છે તેનો અનેક રીતે ઉપયોગ પૂજા પાઠમાં કરવામાં આવે છે. દર્ભના આસન અને પથારી વિવિધ સાધનાઓમાં ઉપયોગમાં લેવામાં આવે છે. ગ્રહણ પહેલા ગૃહસ્થ લોકો પીવાના પાણીમાં, ખાવા પીવાની વસ્તુઓ માં, ઘરના મુખ્ય દ્વાર સહિતની જગ્યાઓ પર આ દર્ભ ની સળી મૂકે છે. તેની પાછળનું કારણ ગ્રહણ કાળ દરમ્યાન નકારાત્મક ઉર્જા ની અસર તેના પર ન પડે તે માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે. આ અંગે તામિલનાડુની શસ્ત્ર અકાદમી ના સંશોધન દ્વારા એવું જાણવા મળ્યું કે દર્ભ એક નેચરલ પ્રિજર્વેટીવ ના રૂપમાં કામ કરે છે. તે એક પ્યુરીફીકેશન એજન્ટ છે.

અથર્વવેદમાં દર્ભની બાબતમાં એમ કહેવાયું છે કે તેનો ઉપયોગ કરવાથી ગુસ્સા પર કાબુ રહે છે. તેને અશુભ નિવારક ઔષધી તરીકે પણ ઓળખવામાં આવે છે. આચાર્ય ચાણક્યના ગ્રંથોથી જાણવા મળે છે કે દર્ભનું તેલ કાઢી તેનો ઉપયોગ દવાઓમાં કરવામાં આવે છે.

મત્સ્ય પુરાણ માં એવો ઉલ્લેખ મળે છે કે, દર્ભ ભગવાન શ્રી વિષ્ણુના અવતાર વરાહ ભગવાનના શરીરમાંથી બનેલી હોવાથી તેને પવિત્ર માનવામાં આવે છે. આ અંગે એવી એક કથા છે કે, ભગવાન વિષ્ણુએ વરાહ અવતાર લઈ હિરણ્યક્ષ નો વધ કરી પૃથ્વીને સ્થાપિત કરી. ત્યારબાદ તેમણે પોતાના શરીર પર લાગેલ પાણીને ખંખેર્યુ તો તેની સાથે તેના શરીરના વાળ પૃથ્વી પર પડ્યા. જેમાંથી દર્ભની ઉત્પતિ થઈ. તેથી તેને પવિત્ર માનવામાં આવે છે.

મહાભારતમાં આવતા એક પ્રસંગ અનુસાર જ્યારે ગરુડ દેવ સ્વર્ગથી અમૃત કળશ લઈને આવ્યા તો તે કળશ થોડીવાર માટે દર્ભ ઉપર રાખ્યો. આમ, અમૃત કળશના સાનિધ્યથી દર્ભની પવિત્રતા માં વધારો થયો. મહાભારતના આદિ પર્વ અનુસાર રાહુની મહા દશામાં કે રાહુની કુંડળીમાં સ્થિતિ સારી ન હોય ત્યારે દર્ભ વાળા પાણીથી સ્નાન કરવું જોઈએ. જેથી રાહુનો અશુભ પ્રભાવ દૂર થાય છે. મહાભારતમાં જ એવો પણ ઉલ્લેખ જોવા મળે છે કે, દાનેશ્વરી કર્ણ એ પોતાના પિતૃઓના શ્રાદ્ધમાં દર્ભ નો ઉપયોગ કર્યો હતો. દર્ભનો ઉપયોગ પિતૃ કાર્યમાં કરવામાંથી પિતૃઓ પ્રસન્ન થાય છે. ઋગ્વેદમાં ઉલ્લેખ જોવા મળે છે કે અનુષ્ઠાન કે પૂજા પાઠ દરમિયાન દર્ભના આસનનો ઉપયોગ કરવાથી સાધનામાં સત્વરે સફળતા પ્રાપ્ત થાય છે.

ભગવાન શ્રીકૃષ્ણએ ધ્યાનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે દર્ભના આસન ને શ્રેષ્ઠ માન્યું છે. દર્ભના આસન નો ઉપયોગ કરવાથી શરીરની ઉર્જા ને જમીનમાં જતી રોકી શકાય છે. આપણે જે પૂજા પાઠ કે ધ્યાન આદિ કરીએ છીએ તે સમયે આપણા શરીરમાં એક ઉર્જા પેદા થાય છે. તે ઊર્જા જમીનમાં ન ચાલી જાય તે માટે આ સમયે ગર્ભનો આસન નો ઉપયોગ કરવામાં આવે છે.પિતૃ પક્ષ એટલે કે શ્રાધ પક્ષમાં શ્રાદ્ધ કર્મ કરતી વખતે દર્ભ નો ઉપયોગ અત્યંત જરૂરી બની જાય છે. પિતૃ ની વિધિ વખતે દર્ભ ની વીંટી બનાવી જમણા હાથની અનામિકા આંગળીમાં ધારણ કરવી પડે છે. આ વીંટી ને પવિત્રી તરીકે પણ ઓળખવામાં આવે છે. સનાતન ગ્રંથોમાં બતાવેલું છે કે તે વીંટી ધારણ કરવાથી વિધિ કરનાર વ્યક્તિ ની માનસિક અને શારીરિક ઉર્જા સકારાત્મક બની જાય છે. આ વિધિ કરવા માટેની જગ્યા ને પવિત્ર કરવા દર્ભ વડે જળ છાતી જમીનને પવિત્ર કરવામાં આવે છે.

ધાર્મિક કાર્યોમાં તેની વીંટી બનાવી જમણા હાથની અનામિકા આંગળીમાં ધારણ કરવા માટે એક કારણ એવું આપવામાં આવ્યું છે કે આધ્યાત્મિક શક્તિ પુંજ જળવાઈ રહે. અનામિકા આંગળીના બરોબર નીચે સૂર્યનો પર્વત હોવાથી આ આંગળી સૂર્યની આંગળી તરીકે ઓળખાય છે. સૂર્યથી આપણને જીવનશક્તિ, તેજ અને યશ પ્રાપ્ત થાય છે. તેનું એક બીજું કારણ એ છે કે, આપણી ઉર્જા જમીનમાં ચાલી ન જાય કારણકે કર્મકાંડ કે પૂજા પાઠ દરમિયાન આપણો હાથ ભૂલથી જમીન ઉપર અડી જાય તો આંગળીમાં પહેરેલ દર્ભ ની વીંટી તે ઉર્જાને રોકી રાખે. માટે જ દર્ભની વીંટી હાથમાં પહેરવામાં આવે છે.

દર્ભનું વૈજ્ઞાનિક મહત્વ પણ છે. તે એક કુદરતી સંરક્ષક છે. સૂકા દર્ભ નો ઉપયોગ પૂજા અને અનુષ્ઠાનમાં થાય છે. આ એટલા માટે કરવામાં આવે છે કારણ કે ,આ પવિત્ર દર્ભમાં શુદ્ધિકરણ એજન્ટો છે. તેનો ઉપયોગ દવાઓમાં પણ થાય છે. દર્ભમાં સ્થૂળતા વિરોધી, એન્ટીઑકિસડન્ટ અને પીડાનાશક સામગ્રી હોય છે. તેમાં બ્લડ સુગરને જાળવી રાખવાની શક્તિ પણ છે. તેથી તેનો ઉપયોગ દવા તરીકે પણ થાય છે. તમિલનાડુની શસ્ત્ર એકેડેમી દ્વારા કરવામાં આવેલા સંશોધનમાં જાણવા મળ્યું છે કે દર્ભ કુદરતી પ્રિઝર્વેટિવ છે. તેથી તેને ગ્રહણ દરમિયાન ખાવાની વસ્તુઓમાં રાખવામાં આવે છે. જેના કારણે ખોરાકમાં બેક્ટેરિયા વધતા નથી. આમ, દર્ભ નો પૂજા પાઠ કે પિતૃકાર્યમાં ઉપયોગ કરવા પાછળનું રહસ્ય છુપાયેલું છે.

**- દેવેન કનકચંદ્ર વ્યાસ**



આ ખીર-પુરી ખાઈ ખાઈને શરીરનું ફિગર ન બગડી જાય તેની કાળજી રાખજે ... વ્હાલી.. !




પાંચસો રૂપિયામાં કાગડાને કાગવાસ નાખો... વહેલા તે પહેલાના ધોરણે ...!

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

### તંત્રી લેખ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારના સો દિવસ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારના ત્રીજા કાર્યકાળના પહેલા સો દિવસ ઐતિહાસિક સુધારા અને મહત્ત્વપૂર્ણ પહેલના રહ્યા, જેનાથી એ સ્પષ્ટ સંકેત મળ્યો કે સરકારનું ધ્યાન મોટી-મોટી પરિયોજનાઓ પર તો છે જ, એના પર પણ છે કે તેના લાભ સમાજના નીચલા સ્તર સુધી પહોંચી શકે. તેની પહેલી ઝલક ત્યારે મળી હતી, જ્યારે ૯ જૂન, ૨૦૨૪ના રોજ વડાપ્રધાન મોદીએ ત્રીજી વાર વડાપ્રધાન તરીકે શપથ લીધાના બીજા જ દિવસે એટલેકે ૧૦ જૂને વડાપ્રધાન કિસાન નિધિનો સત્તરમો હપ્તો જારી કરવા માટે મંજૂરી આપી હતી. તે અંતર્ગત લગભગ ૨૦ હજાર કરોડ રૂપિયા વિતરિત કરવામાં આવ્યા હતા, જેનાથી લગભગ ૯.૩ કરોડ ખેડૂતોને ફાયદો મળ્યો. ઉલ્લેખનીય છે કે ખેડૂતોની જિંદગીને બહેતર બનાવવા માટે સરકારે ડિજિટલ કૃષિ મિશન સહિત સાત મોટી યોજનાઓને પણ મંજૂરી આપી દીધી છે. તે ઉપરાંત, ૨૦૨૪-૨૫ માટે ખરીફપાકોના ટેકાના ભાવમાં વધારો કરવાથી લગભગ ૧૨ કરોડ ખેડૂતોને લગભગ બે લાખ કરોડ રૂપિયાનો લાભ થયો છે.

લોકસભા ચૂંટણી દરમ્યાન વિપક્ષે બેરોજગારી મુદ્દે સરકારને ઘેરવાની કોશિશ કરી હતી. એવામાં રોજગાર વિહીન વિકાસના વિપક્ષના આરોપો અને નોકરીઓને માત્ર સરકારી નોકરીનો પર્યાય સમજવાના વિચારને ફગાવી દેતાં મોદી સરકારના પહેલા સો દિવસોની એક મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિ એ પણ રહી કે એ દરમ્યાન વાર્ષિક એક લાખ રૂપિયાથી વધુ કમાનારી ૧૧ લાખથી વધુ લખપતિ દીદીનો પણ ઉદય થયો. કૌશલ વિકાસ મિશનને ધ્યાનમાં રાખતાં ૪.૧ કરોડ યુવાઓ માટે બે લાખ કરોડના પેકેજ અને એક કરોડ યુવાઓ માટે ૫૦૦ કંપનીઓમાં ઈન્ટર્નશિપની જાહેરાતો પણ બેરોજગારી દૂર કરવાની દૃષ્ટિએ મહત્ત્વની છે. એકીકૃત પેન્શન યોજના (યુપીએસ)ને મંજૂરી આપવાની હોય કે સિત્તેર વર્ષથી વધુ ઉંમરના તમામ નાગરિકોને દર વર્ષે પાંચ લાખ રૂપિય સુધીના મેડિકલ કવરનું એલાન, મોદી સરકારે આ ઐતિહાસિક ઘોષણાઓ દ્વારા દેશના વરિષ્ઠ નાગરિકો પ્રત્યે ચિંતા વ્યક્ત કરી છે. સાથે જ વૈશ્વિક યુદ્ઘો સંદર્ભે પોતાના શાંતિ-સમર્થક વલણ પર અડગ રહીને કૂટનીતિક મોરચે ભારતે દુનિયાને દેખાડી દીધું છે કે શાંતિ તેની વિદેશ નીતિની કરોડરજ્જુ છે. પેપર લીક, લેટરલ એન્ટ્રી કે વક્ફ બોર્ડ સંશોધન વિધેયક જેવા મુદ્દાઓ પર વિપક્ષી દળો દ્વારા સરકારને ઘેરવી એ પોતાની જગ્યાએ છે, પરંતુ મોદી સરકારના ત્રીજા કાર્યકાળના પહેલા સો દિવસ નિશ્ચિતપણે એક સશક્ત શરૂઆત અને ૨૦૪૭ સુધી વિકસિત ભારતના લ-ય તરફ આગળ વધવાની ઝલક દર્શાવે છે. સરકારે આર્થિક અને સામાજિક સશક્તીકરણ માટે જે ઘોષણાઓ કરી છે, તેનો એ જ ભાવનાથી યોગ્ય અમલ પણ એટલો જ જરૂરી છે.

## સોમનાથ ખાતે એસપીસી બિનનિવાસી તાલીમ કેમ્પ યોજાયો

વેરાવળ તા. ૨૧

સોમનાથ ખાતે આવેલ સ્વામિનારાયણ ગુરૂકુલ શૈક્ષણિક સંકુલમાં એસ.પી.સી. બિનનિવાસી તાલીમ કેમ્પ યોજાયો હતો. પ્રભાસ પાટણની એમ.જે.સ્વામિનારાયણ હાઈસ્કૂલમાં એસ.પી.સી બિનનિવાસી ત્રિદિવસીય તાલીમ કેમ્પ તા .૧૭ થી ૧૯ સપ્ટેમ્બર સુધી ત્રણ દિવસનો બિનનિવાસી કેમ્પ યોજાયો હતો જેનો મુખ્ય હેતુ પોલીસ અને વિદ્યાર્થીઓ વચ્ચે મૈત્રીભાવના વિકસે અને વિદ્યાર્થીઓમાં દેશની સેવા અને સેવાના માધ્યમથી શિક્ષણ કેળવાય એ ઉદેશ રાખવામાં આવેલ છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સત્ય એ છે જે ત્રણેય કાળમાં એક સરખું જ હોય.
- સ્વામિ રામતિર્થ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા વદ-૪ ચોથનું શ્રાધ્ધ, ભરણી શ્રાધ્ધ, સંકષ્ટ ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ૯:૧૦ ક.), મુ. ઈદૈમૌલુદ તા.૨૧ સપ્ટેમ્બર ૨૦૨૪, શનિવાર, પારસી તા.૮, મુસ્લિમ તા.૧૭, ભરણી નક્ષત્ર, વ્યાઘાત યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૪૦, સૂ.અ.૬:૪૮
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ), સવારે ૬:૦૮ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે. - કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આરોગ્ય અંગે સાવચેતી રાખવી જરૂરી.કાળજી રાખવી.
વૃષભ:ખર્ચ પર અંકુશ રાખવો. અગત્યના કાર્ય સફળ થાય.
મિથુન:જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. આર્થિક પ્રશ્ન ઉકેલાય.
કર્ક: ધીરજના ફળ મીઠા જણાય. સ્વજનથી સંવાદિતતા સર્જાય.
સિંહ: નાણાંભીડ દૂર થાય. કાર્યબોજમાં વધારો થાય.
કન્યા: પ્રવાસમાં વિલંબ. લાભની તક સાંપડે.
તુલા: મહત્વના પ્રશ્નો હલ થાય. ગૃહની કામગીરી હાથ ધરી શકશો.
વૃશ્ચિક:કૌટુંબિક સમસ્યાનો ઉકેલ મળે. સ્નેહિજનથી મિલન થાય.
ધન: કાર્યમાં લાભ થાય. મહત્વની પ્રવૃત્તિઓ વેગવંતી બને.
મકર: માનસિક ટેન્શન દૂર થાય. નાણાંકીય કાર્ય માટે સાનુકૂળ દિવસ.
કુંભ: લાભ અટકતો જણાય. મનની મુરાદ મનમાં રહે.
મીન: ખર્ચનો નાનો પ્રસંગ બને. પ્રિયજનથી વિયોગ રહે.

### ગુજરાતમાં ફરી ભારે વરસાદની આગાહી

# આગામી ૨૬મી સપ્ટેમ્બર સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી

## દક્ષિણ ગુજરાતના નવસારી અને વલસાડના છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૨૧

ચોમાસાની સિઝનના અંતમાં વરસાદી માહોલ શાંત છે, ત્યારે હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં આગામી ૨૫-૨૬ સપ્ટેમ્બરે દક્ષિણ ગુજરાતના નવસારી અને વલસાડના છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે, રાજ્યમાં આગામી ૨૬ સપ્ટેમ્બર સુધી દક્ષિણ ગુજરાતના મોટાભાગ વિસ્તારો સહિત સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

ગુજરાતમાં ફરી ભારે વરસાદની આગાહી છે, ત્યારે ૨૫-૨૬ સપ્ટેમ્બરે દક્ષિણ ગુજરાતના નવસારી અને વલસાડના છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ જિલ્લામાં વિવિધ સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદી માહોલ રહેશે.

જ્યારે સૌરાષ્ટ્રના રાજકોટ, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, ગીર સોમનાથ, બોટાદ, મધ્ય ગુજરાતના વડોદરા, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ, મહીસાગર સહિત ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. બીજી તરફ, કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ જિલ્લામાં વરસાદની આગાહી નથી.

રાજ્યમાં જુલાઈ અને ઑગસ્ટ મહિનામાં સારો એવો વરસાદ પડ્યો છે, ત્યારે અત્યાર સુધીમાં ૪૩ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૭૩ ટકા વરસાદ નોંધાય છે. બીજી તરફ, સિઝનના અંતમાં સપ્ટેમ્બરમાં હળવાથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

### અમને મંદિરે કીધું તે પ્રમાણે પ્રસાદ બનાવ્યો : એજન્સી

# ૩૦ લાખ રૂપિયાથી વધુનો મોહનથાળ પડી રહેતા મંદિર ટ્રસ્ટને ફટકો પડ્યો

## અંબાજી ખાતે ભાદરવી પૂનમનો મેળા સમાપન થતાં ૧૦,૦૦૦ થી વધુ કિલોનો મોહનથાળનો પ્રસાદ રઝળ્યો

અંબાજી , તા.૨૧

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમનો મહામેળો નિર્વિઘ્ને સંપન્ન થતા તંત્ર એ હાશકારો અનુભવ્યો છે. આ મેળામાં દૂર દૂરથી આવતા લાખોમાં ભક્તો માટે માતાજીના પ્રસાદ તરીકે વપરાતા મોહનથાળનો પ્રસાદ એજન્સીને બનાવવા આપ્યો હતો. યોગ્ય આયોજનના અભાવે ૧૦,૦૦૦થી વધુ કિલોનો મોહનથાળ પ્રસાદ પડી રહ્યો છે. જેની અંદાજિત કિંમત ૩૦ લાખ રૂપિયાથી વધુ થવા જાય છે.

તાજેતરમાં અંબાજીમાં પરિક્રમા મહોત્સવમાં રાજકીય નેતાઓના જમણવારના ખર્ચનો વિવાદ હજુ સમ્યો નથી ત્યાં ૩૦ લાખની કિંમતનો મોહનથાળ પડયો રહેતા મંદિર ટ્રસ્ટમાંથી એજન્સીને બીલનું ચૂકવણું કરવામાં આવશે કે કેમ તે આવનાર સમય બતાવશે. ભાદરવી પૂનમ અગાઉ મોહનતાની પ્રસાદી બનાવવા અંગે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે ભાવોને નહીં ખોલીને આ એજન્સીને બારોબાર ભાદરવી પૂનમ માટે મોહનથાળ બનાવવાનો કોન્ટ્રાકટર આપી દેવામાં આવ્યો હતો. અબાજીમાં ભાદરવી પૂનમનો મેળા સમાપન થતાં ૧૦,૦૦૦ થી વધુ કિલોનો મોહનથાળનો પ્રસાદ પડી રહ્યો છે. મંદિરના વહીવટદાર કહે છે કે હું આ જાણતો જ નથી. એજન્સીના જવાબદાર અધિકારી કહે છે કે અમને મંદિરે કીધું તે પ્રમાણે અમે પ્રસાદ બનાવ્યો છે. વધારાનો પ્રસાદ બનાવવમાં છે તેના રૂપિયા મંદિર દ્વારા ચૂકવવામાં આવશે. શું એજન્સીના જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવશે ખરી આવા અનેક સવાલો માઈ ભક્તોમાંથી ઉઠવા પામ્યા છે. મંદિર ટ્રસ્ટ દ્વારા વારંવાર આ એક જ એજન્સીને કોન્ટ્રાકટર કેમ આપવામાં આવે છે આના ઉપર પણ અનેક સવાલો ઉભા થવા પામ્યા છે. વધારાનો પ્રસાદનું બિલ પણ ન ચૂકવવું જોઈએ તેવી માંગ ભક્તોમાં ઉઠી છે. ઉલ્લેખનીય છે કે, મેળાના ૭ દિવસ દરમિયાન ૧૯ લાખ મોહનથાળ પ્રસાદના પેકેટનું વિતરણ થયું છે. આ વર્ષે અંદાજીત ૩૨.૫૪ લાખ માઈભક્તોએ માતાજીના દર્શન કર્યા હતા. ત્યારે ૧ બોકસમાં ૧૦૦ ગ્રામ લેખે ૭ દિવસમાં ૨ લાખ કિલો મોહનથાળનું વેચાણ થયું છે. જેની સામે ફીક્કી પડેલી ચીકીના માત્ર ૪૦ હજાર પેકેટ વેચાયા હતા.

### વિશ્વ પ્રખ્યાત તરણેતરના મેળામાં સંસ્કારો ભૂલાયા!

# યુવતીઓએ ઠુમકા લગાવ્યા, અને લોકોએ રૂપિયા ઉડાવ્યા

## તરણેતરના મેળામાં અશ્લીલ ડાન્સના દ્રશ્યો આવ્યા સામે ભોજપુરી ડાન્સ ફિલ્મી ગીતો પર ડાન્સનો વીડિયો વાયરલ

સુરેન્દ્રનગર, તા.૨૧

ગુજરાત રાજ્યમાં સૌથી વધુ મેળાઓ સૌરાષ્ટ્રમાં યોજાય છે. જેમાં ભાતીગળ લોકમેળો અને જે મેળો ઋષિઓ યોજતા હતા તેવો એક તરણેતરનો મેળો છે. સમગ્ર ગુજરાતમાંથી મેળો માણવા માટે લોકો તરણેતર ખાતે પહોંચી રહ્યાં છે. એક તરફ ઋષિની પરંપરા મેળાની જાળવવામાં આવી છે .ઋષિઓ આ મેળો યોજતા હતા અને આજે પણ વર્ષો પછી આ પરંપરા યથાવત છે. ત્યારે બીજી તરફ, મેળામાં અશ્લીલ ડાન્સ પીરસાતા ઉહાપોહ મચી ગયો છે. મેળામાં માદક સ્ત્રીઓ દ્વારા ઠુમકા લગાવવામાં આવ્યા હતા.

તરણેતરના મેળામાં અશ્લીલ ડાન્સનો વીડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. વિશ્વ પ્રખ્યાત તરણેતરના મેળામાં સંસ્કૃતિ ભુલાઈ હોય તેવા દ્રશ્યો જોતા ચારેતરફ ચર્ચા વહી છે. આ વીડિયોને લઈ સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. તરણેતરના મેળામાં રાત્રે અને દિવસે દરમિયાન ભોજપુરી ડાન્સ ફિલ્મી ગીતો પર ડાન્સ પર હસીનાઓએ ઠુમકા લગાવ્યા હતા. હાલ ઈન્સ્ટાગ્રામ સહિતના સોશિયલ મીડિયા ઉપર આ તમામ વિડીયો વાયરલ થતા સવાલો ઉઠ્યા છે.

મોતના કૂવાના જાહેર મંચ પર ડાન્સ કરતી ડાન્સરોને જોવા માટે મોટી સંખ્યામાં લોકો ભેગા થયા છે. આટલું જ નહીં જાણે કોઈ મુજરા ચાલી રહ્યો હોય તેમ યુવાનો ડાન્સરો પર રૂપિયા ઉડાવતા અને તેમના તાલે ડાન્સ કરતા પણ દેખાયા હતા. મોતના કુવાની બહાર ત્રણ યુવતીઓ ઠુમકા લગાવીને નાચી રહી હતી, અને યુવકો તેના પર પૈસા ઉડાવી રહ્યા હતા.

આ વીડિયો વાયરલ થતા સુરેન્દ્રનગરના ઈન્ચાર્જ કલેક્ટર રાજેન્દ્ર ઓઝાએ ખુલાસો કરતા જણાવ્યું કે, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આવી કોઈ મંજુરી આપી નથી. ભાતીગળ સંસ્કુતિને જોખમ મુકનાર સામે પગલા લેવામા આવશે. પ્રાંત અધિકારી ચોટીસને સમગ્ર મામલાની તપાસ સોંપવામા આવી છે. એક તરફ આ વર્ષે મેળામાં ૨૪ પ્રકારની ગ્રામીણ ઓલમ્પિકનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત મેળામાં રાત્રે લોક ડાયરા અને સંસ્કૃતિને ઉજાગર કરતા કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે આ પ્રકારનો અશ્લીલ ડાન્સ બતાવવો કેટલો યોગ્ય કહેવાય.

### મહિલાઓના સન્માન બાબતે થયો હોબાળો

# ગોતા વિસ્તારમાં રાજપૂત ભવન ખાતે ક્ષત્રિય સમાજનું ભવ્ય સંમેલન યોજાયું

## સંમેલનમાં ભાવનગરના મહારાજા વિજયરાજસિંહને સમસ્ત ક્ષત્રિય શક્તિ અસ્મિતા મંચના પ્રમુખ બનાવાયા

અમદાવાદ, તા.૨૧

૨૦ સપ્ટેમ્બરને શુક્રવારે અમદાવાદના ગોતા વિસ્તારમાં રાજપૂત ભવન ખાતે ક્ષત્રિય સમાજનું ભવ્ય સંમેલન યોજાયું હતું. સંમેલનની શરૂઆત અને અંત બન્ને વિવાદાસ્પદ રહ્યા હતા. સંમેલન પહેલા ભાવનગરના યુવરાજે પોતાના વડીલોના દૂરઉપયોગ ના કરવા ચેતવણી આપી હતી, તો સંમેલનના દિવસે પદ્મિનીબા વાળા આયોજકો પર વિફર્યા હતા. જેના કારણે ક્ષત્રિય સમાજનું મહાસંમેલન બબાલ સાથે પૂર્ણ થયું હતું.

સંમેલનમાં ભાવનગરના મહારાજા વિજયરાજસિંહને સમસ્ત ક્ષત્રિય શક્તિ અસ્મિતા મંચના પ્રમુખ બનાવવામાં આવ્યા હતા, જ્યારે કાર્યકારી પ્રમુખ તરીકે દાંતાના રિદ્ધિરાજસિંહની નિમણૂક કરવામાં આવી હતી.

ક્ષત્રિય સમાજના આ સંમેલનમાં પૂર્વ મુખ્યમંત્રી શંકર સિંહ વાઘેલા સહિત મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના લોકો હાજર રહ્યા હતા. આ દરમિયાન દાંતાઅ સ્ટેટના રાજવી રિદ્ધિરાજસિંહ તથા ગોંડલ, દાંતા, પાલિતાણા, ભાવનગર, ગાંગડ વગેરે સ્ટેટના રાજવીઓ અને કાઠી સમાજના રાજવીઓનું સન્માન કરાયું હતું.

આ કાર્યક્રમમાં પદ્મિનીબા વાળાને સ્ટેજ પર સ્થાન ન મળતાં તેમણે મહિલાઓનું સન્માન ન જળવાતું હોવાની વાત કરી હોબાળો મચાવ્યો હતો. આંદોલન દરમિયાન પણ અન્યાય કરવામાં આવ્યો હોવાની વાત કહી બખેડો ઉભો કરવામાં આવ્યો હતો.

ભાવનગરના મહારાજા વિજયરાજસિંહજી ગોહિલની મંચના પ્રમુખ તરીકે જાહેરાત કરવામાં આવી ત્યારબાદ તેમણે ક્ષત્રિય સમાજના ભાઈ-બહેનોને સંબોધતાં કાહ્યું હતું કે આ સંગઠન રાજકારણ માટે કામ નહી કરે, આ મંચનો હેતું માત્ર એટલો છે કે ક્ષત્રિયો એક થાય અને તેમના સંતાનો આગળ વધે તે માટે પ્રયત્ન કરવામાં આવશે. કૃષ્ણકુમારસિંહજીના નિધનને ૬૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે તેમને સન્માન મળે તે માટે ભારત રત્ન આપવામાં આવે તે માટે ઠરાવ કરવામાં આવ્યો છે.

### વાહન જપ્ત થશે, આવતા અઠવાડિયે ડ્રાઈવ

# હવે સગીર સંતાનને વાહન આપ્યું તો માતા-પિતા દંડાશે

## આવતા અઠવાડિયાથી જિલ્લા શિક્ષણાધિકારી, શહેર ટ્રાફિક પોલીસ અને RTO સ્પેશિયલ ડ્રાઈવ કરશે

અમદાવાદ, તા.૨૧

જો તમારું સગીર બાળક વાહન લઈને શાળાએ જતું હોય તો આ સમાચાર તમારા માટે છે. અમદાવાદમાં ગેરકાયદે રીતે વાહન ચલાવતા વિદ્યાર્થીઓના માતા-પિતા સામે પગલાં લેવામાં આવશે. આવતા અઠવાડિયાથી જિલ્લા શિક્ષણાધિકારી, શહેર ટ્રાફિક પોલીસ અને RTO સ્પેશિયલ ડ્રાઈવ કરશે.

૧૨૫ સીસીથી વધુ ક્ષમતાના વાહનો ચલાવતા વિદ્યાર્થીઓ અને માતા-પિતા સામે કાર્યવાહી થશે. શાળાઓ વિદ્યાર્થી માટેની જવાબદારી લે તે માટે અમદાવાદ ગ્રામ્ય DEOએ પરિપત્ર કર્યો છે.

જો કે, આ માટે અમદાવાદ RTOએ જુલાઈ મહિનાથી જ કાર્યવાહી શરૂ કરી છે. CBSCના ૭૦ સ્કૂલની તપાસ કરી પરમિટ વિના જે વાહનો વિદ્યાર્થીઓ લાવતા હતા તેમને દંડ કરવામાં આવ્યો છે. અમદાવાદ ડીઈઓના પરિપત્ર પ્રમાણે કામ કરવા RTO તૈયાર છે.

ઉલ્લેખનીય છે કે, મોટર વ્હીકલ એક્ટર અંતર્ગત સગીરને વાહન આપો અને કોઈ અકસ્માત સર્જાય તો તેના વાલીને ૩ વર્ષની જેલની સજા થઈ શકે છે.

આ સાથે જ વાલી પર ૨૫ હજાર રૂપિયાના દંડની જોગવાઈ કરવામાં આવી છે. ટ્રાફિક પોલીસ દ્વારા છાશવારે આ મામલે સ્કૂલો અને કૉલેજોમાં ડ્રાઈવ યોજવામાં આવે છે. આમ છતાં ડ્રાઈવ પૂરી થવાના થોડા દિવસો બાદ ફરીથી વિદ્યાર્થીઓ વાહનો લઈને સ્કૂલે આવતા થઈ જાય છે.

# હિંદુ મંદિરોના રક્ષણ માટે સનાતન ધર્મ રક્ષા બોર્ડની માંગ

અમરાવતી, તા.૨૧

તિરુપતિ વેંકટેશ્વર મંદિરના પ્રસાદમાં ભેળસેળની પુષ્ટિ થઈ છે. પ્રસાદ બનાવવામાં વપરાતા ઘીમાં પશુઓની ચરબી મળી આવી છે. શાસક તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) એ દાવો કર્યો છે કે, ગુજરાત સ્થિત પશુધન પ્રયોગશાળા દ્વારા ભેળસેળની પુષ્ટિ કરવામાં આવી છે. ટીડીપીએ કહ્યું છે કે, બીફ ફેટ, માછલીનું તેલ અને પામ ઓઈલનો ઉપયોગ પ્રસાદ તરીકે લાડુ બનાવવા માટે કરવામાં આવતો હતો. દરમિયાન આંધ્રપ્રદેશના નાયબ મુખ્યમંત્રી પવન કલ્યાણે સનાતન ધર્મ રક્ષા બોર્ડની રચના કરવાની માંગ ઉઠાવી છે. નાયબ મુખ્ય પ્રધાન પવન કલ્યાણે આ બાબતે સોશિયલ મીડિયા પર કહ્યું, “આપણે બધા એ હકીકતથી ખૂબ જ પરેશાન છીએ કે તિરુપતિ બાલાજી પ્રસાદમાં પ્રાણીની ચરબી (માછલીનું તેલ, ડુક્કરની ચરબી અને બીફ ચરબી) ભેળવવામાં આવે છે. તત્કાલીન રૂઝઁ સરકાર દ્વારા બનાવવામાં આવેલ TTD. બોર્ડ કડક પગલાં લેવા માટે પ્રતિબદ્ધ છે, પરંતુ તે મંદિરોની અપવિત્રતા અને અન્ય ધાર્મિક પ્રથાઓને લગતા કેટલાક મુદ્દાઓને પ્રકાશિત કરે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, “હવે સમય આવી ગયો છે કે રાષ્ટ્રીય સ્તરે એક ‘સનાતન ધર્મ રક્ષા બોર્ડ’ ની રચના કરવામાં આવે જે સમગ્ર ભારતમાં મંદિરો સંબંધિત તમામ મુદ્દાઓ પર વિચારણા કરવા માટે તમામ નીતિ નિર્માતાઓ, ધાર્મિક વડાઓ, ન્યાયતંત્ર, નાગરિકો, મીડિયા અને એ હોવું જોઈએ આ અંગે રાષ્ટ્રીય સ્તરે તેમના સંબંધિત વિસ્તારોમાં અન્ય તમામ લોકો દ્વારા ચર્ચા અને મને લાગે છે કે આપણે બધાએ ‘સનાતન ધર્મ’નું કોઈપણ સ્વરૂપમાં અપમાન રોકવા માટે એકસાથે આવવું જોઈએ.”

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ અગાઉની જગન મોહન સરકાર પર તિરુપતિ મંદિરના લાડુ પ્રસાદમાં પ્રાણીઓની ચરબી ભેળવવાનો આરોપ લગાવ્યો હતો. મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ કહ્યું હતું કે YSR કોંગ્રેસ પાર્ટીના નેતાઓએ તિરુમાલાની પવિત્રતાને કલંકિત કરી છે.

CMYK CMYK CMYK

# કોંગ્રેસના બે અગ્રણીઓને ભાજપમાં જોડી તે અંગેના ફોટો પણ વાયરલ કરી દેવાયા

## વલસાડ, ધરમપુરના કોંગી અગ્રણીઓને ભાજપ MLAએ સભ્ય બનાવ્યાના આક્ષેપો

ગાંધીનગર, તા.૨૧

દેશભરમાં ભાજપનું સદસ્યતા અભિયાન ચાલી રહ્યું છે. ત્યારે ગુજરાતમાં ભાજપના સભ્ય નોંધણી અભિયાનને લઈને વિવાદો સામે આવી રહ્યા છે ત્યારે હવે વધુ એક વિવાદ વલસાડમાંથી બહાર આવ્યો છે. જેમાં વલસાડના ધરમપુરના બે કોંગ્રેસી અગ્રણીઓ ભાજપના સભ્ય નોંધણી અભિયાન દરમ્યાન ભાજપ સાથે જોડાયા હોવાના ફોટા સાથે સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ચર્ચા શરૂ થવા સાથે રાજકીય માહોલ ગરમાયો છે. કોંગી અગ્રણીઓની કથિત ભાજપના સભ્ય બન્યા હોવાની ચર્ચાએ જોર પકડતા આખરે કોંગ્રેસ અગ્રણીઓએ આ મુદ્દે ધરમપુરના ભાજપના ધારાસભ્ય અરવિંદ પટેલ સામે આક્ષેપ કર્યા છે. તેમના મતે તેમના મોબાઈલ દ્વારા સંમતિ વીના તેમને ધારાસભ્યે તેમની જાણ બહાર ભાજપના સભ્ય બનાવી દીધા હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. કોંગી અગ્રણીઓના ભાજપની સભ્ય નોંધણી અભિયાનમાં આક્ષેપથી રાજકારણ ગરમાયું હતું. બંને પક્ષો તરફથી આક્ષેપ પ્રતિ આક્ષેપ કરવામાં આવી રહ્યા છે. ભાજપના સભ્ય નોંધણી અભિયાન દરમ્યાન વલસાડ જિલ્લાના કોંગ્રેસ સેવા દળના પ્રમુખ રમેશ પટેલ અને ધરમપુરમાં કોંગ્રેસ અગ્રણી રાજેશ પટેલ પણ ભાજપના આ સભ્ય નોંધણી અભિયાન દરમ્યાન ભાજપના સભ્ય બન્યા હોવાના ફોટા અને મેસેજ વાયરલ થતાં ચર્ચા શરૂ થઈ હતી. આ મામલે ચર્ચાઓ વધતા આખરે કોંગ્રેસ અગ્રણીઓ રમેશ પટેલ અને રાજેશ પટેલ સોશિયલ મીડિયાના માધ્યમથી સામે આવ્યા હતા અને ભાજપના સદસ્યતા અભિયાનમાં જોડાયા હોવાના વાઈરલ થયેલા ફોટા અને મેસેજ અંગે ખુલાસો અને આક્ષેપ કરતો વીડિયો તેમણે શેર કર્યો છે. કોંગી નેતાઓએ કહ્યું કે, ધરમપુરમાં તેઓ બન્ને અલગ અલગ સમય અને સ્થળ ઉપર ધારાસભ્ય અરવિંદ પટેલને મળ્યા હતા. તે વખતે તેમની જાણ અને સંમતિ વિના તેમના મોબાઈલથી ભાજપના સભ્ય નોંધણી અભિયાનમાં જોડી તેમને ભાજપના સભ્ય બનાવી દીધા હતા. આમ કોંગી અગ્રણીઓએ ભાજપના સદસ્યતા અભિયાન અને ધારાસભ્ય અરવિંદ પટેલ ઉપર આક્ષેપો કર્યા હતા. આ મામલે કોંગી અગ્રણીના સોશિયલ મીડિયામાં ફરતા થયેલા ખુલાસા અંગે ધારાસભ્ય અરવિંદ પટેલે સામે આવી ખુલાસો કર્યો હતો. તેઓએ પણ સોશિયલ મીડિયાના માધ્યમથી વિડીયો વાયરલ કરી કોંગ્રેસ અગ્રણીઓ રમેશ પટેલ અને રાજેશ પટેલ તેમને મળ્યા હતા. તે વખતે જ તેઓ સ્વેચ્છાએ ભાજપના સદસ્યતા અભિયાનમાં જોડાયા હોવાના અને ભાજપના સભ્ય બન્યા હોવાનો ખુલાસો કર્યો હતો. જો કે હવે આ મુદ્દો ચર્ચાનું કેન્દ્ર બનતા અને રાજકારણ ગરમાયું હોવાથી કોંગી અગ્રણીઓ હવે પોતાની વાત ઉપરથી ફરી જઈ ભાજપ અને ધારાસભ્ય ઉપર ખોટા આક્ષેપો કરી રહ્યા હોવનો તેમણે બચાવ કર્યો હતો.

# મહિલાઓ માટે ૨૧૦૦ રૂપિયા, બે લાખ સરકારી નોકરીઓ ભાજપે હરિયાણા ચૂંટણી માટે પાર્ટીનો ઢંઢેરો જાહેર કર્યો




ચંદીગઢ, તા.૨૧

હરિયાણા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટી (BJP)એ પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. પાર્ટીએ તેનું નામ સંકલ્પ પાત્ર આપ્યું છે જેમાં ભાજપે હરિયાણાની જનતાને ૨૦ વાયદા કર્યા છે. રોહતકમાં ચૂંટણી ઢંઢેરે જાહેર કરતી વખતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા પણ હાજર રહ્યા હતા. આ દરમ્યાન રાજ્યના સીએમ નાયબસિંહ સૈનીએ કહ્યું કે, આ ચૂંટણી ઢંઢેરો ચૂંટણી માટે નથી.

**ભાજપે સંકલ્પ પત્રમાં કર્યા આ વાયદા :**

૧. મહિલાઓને લાડો લક્ષ્મી યોજના હેઠળ દર મહિને ૨૧૦૦ રૂપિયા આપવામાં આવશે.

૨. IMT ખારઘોડાની તર્જ પર ૧૦ ઔદ્યોગિક શહેરોનું નિર્માણ કરવામાં આવશે. દરેક શહેરમાં ૫૦ હજાર સ્થાનિક યુવાનોને નોકરી આપવા માટે ઉદ્યોગ સાહસિકોને વિશેષ પ્રોત્સાહન આપવામાં આવશે.

૩. ચિરાયુ-આયુષ્માન યોજના હેઠળ દરેક પરિવારને ૧૦ લાખ સુધીની મફત સારવાર અને ૭૦ વર્ષથી વધુ ઉંમરના તમામ વૃદ્ધોને અલગથી પાંચ લાખ સુધીની મફત સારવાર મળશે.

૪. લઘુત્તમ ટેકાના ભાવ (MSP) ઉપર ૨૪ પાકની ખરીદી.

૫. બે લાખ યુવાઓને 'બિના પર્ચી બિના ખર્ચી' સરકારી નોકરી પાક્કી.

૬. પાંચ લાખ યુવાનો માટે રોજગારની અન્ય તકો અને રાષ્ટ્રીય એપ્રેન્ટિસશિપ પ્રમોશન સ્કીમમાંથી માસિક સ્ટાઈપેન્ડ.

૭. શહેરી અને ગ્રામીણ ક્ષેત્રોમાં પાંચ લાખ ઘર.

૮. સરકારી હોસ્પિટલમાં ડાયાલિસિસ અને તમામ હોસ્પિટલોમાં મફત ડાયગ્નોસિસ.

૯. દરેક જિલ્લામાં ઓલ્મપિક રમતોની નર્સરી.

૧૦. તમામ હરિયાણવી અગ્નિવીરને સરકારી નોકરીની ગેરેન્ટી.

૧૧. હર ઘર ગૃહિણી યોજના હેઠળ ૫૦૦ રૂપિયામાં સિલિન્ડર.

૧૨. અવ્વલ બાલિકા યોજના હેઠળ ગ્રામીણ ક્ષેત્રોમાં કોલેજ કરતી દરેક વિદ્યાર્થિનીને સ્કૂટર મળશે.

૧૩. ભારત સરકારના સહયોગથી કેએમપીના ઓર્બિટલ રેલ કોરિડોરનું નિર્માણ અને નવી વંદે ભારત ટ્રેનોની શરૂઆત.

૧૪. ભારત સરકારના સહયોગથી અનેક રેપિડ રેલ સેવાઓ અને ફરીદાબાદથી ગુરૂગ્રામ વચ્ચે ઈન્ટરસિટી એક્સપ્રેસ મેટ્રો સેવાની શરૂઆત.

૧૫. નાની પછાત સમાજની જાતિઓ (૩૬ જાતિઓ) માટે પર્યાપ્ત બજેટ સાથે અલગ-અલગ કલ્યાણ બોર્ડ.

૧૬. ડીએ અને પેન્શનને જોડતા સાઈન્ટિફિક ફોર્મ્યુલાના આધાર ઉપર તમામ સામાજિક માસિક પેન્શનમાં વધારો થશે.

૧૭. ભારતની કોઈપણ સરકારી કોલેજમાંથી મેડિકલ અને એન્જિનિયરિંગનો અભ્યાસ કરતા OBC અને SC જાતિના હરિયાણાના વિદ્યાર્થીઓને સંપૂર્ણ સ્કોલરશિપ મળશે.

૧૮. તમામ OBC વર્ગના ઉદ્યોગ સાહસિકોની મુદ્રા યોજના ઉપરાંત ૨૫ લાખ સુધીની લોનની ગેરેન્ટી હરિયાણા રાજ્ય સરકાર ઊઠાવશે.

૧૯. હરિયાણાને વૈશ્વિક શિક્ષણનું કેન્દ્ર બનાવીને આધુનિક સ્કિલની તાલીમ આપવામાં આવશે.

૨૦. દક્ષિણ હરિયાણામાં આંતરરાષ્ટ્રીય સ્તરનો અરાવલી જંગલ સફારી પાર્ક બનશે. ચૂંટણી ઢંઢેરો જાહેર કરતી વખતે મુખ્યમંત્રી નાયબસિંહ સૈનીએ કહ્યું કે, અમારી સરકારે પાંચ વર્ષ પહેલા કરેલા વચનો પૂરા કર્યા છે. અમે ૨૦૧૪માં જે વચનો આપ્યા હતા તે પૂરા કર્યા છે. અમે ૧૮૭ વચનો આપ્યા હતા અને અમે ગર્વથી કહી શકીએ કે, અમે તમામ વચનો પૂરા કર્યા છે. લોકો અમારા પર વિશ્વાસ કરે છે કારણ કે, અમે અમારો ચૂંટણી ઢંઢેરો પૂરો કરીએ છીએ. બીજી પાર્ટીઓ એવા વચનો આપે છે જે વાસ્તવિક નથી અને તેને ક્યારેય પૂર્ણ નથી કરી શકાતા.

સીએમએ કહ્યું કે, અમે તમને ખાતરી આપીએ છીએ કે, અમે આજે જે વચન આપી રહ્યા છીએ તે પૂરા કરીશું. લોકો હવે કોંગ્રેસથી ત્રસ્ત છે અને હરિયાણાના લોકો ભાજપની સાથે છે. ભાજપ ખટા-ખટ અને ટકા-ટકની રાજનીતિમાં વિશ્વાસ નથી કરતી. કોંગ્રેસે હરિયાણાના લોકોને હંમેશા દગો આપ્યો છે પરંતુ હવે લોકો કોંગ્રેસનો અસલી ચહેરો જાણી ગયા છે.

# રાજ્યમાં ચોમાસાની વિદાયની ગણતરી વચ્ચે આવી શકે છે એક વરસાદી રાઉન્ડ



અમદાવાદ તા.૨૧

હાલમાં રાજ્યમાં વરસાદી સિસ્ટમ સક્રિય નથી, બંગાળની ખાડીમાં વરસાદી સિસ્ટમ સક્રિય નથી, જેના કારણે ગુજરાતમાં વરસાદની શક્યતા ઓછી છે. આ વખતે ગુજરાતમાં ૪૪ ટકા વધુ વરસાદ થયો છે, બંગાળની ખાડીમાંથી વરસાદી સિસ્ટમ ૨૩-૨૪ સપ્ટેમ્બરના રોજ ગુજરાત પહોંચવાની ધારણા છે. વરસાદનો આ સમયગાળો ચારથી પાંચ દિવસ ચાલે તેમ જણાય છે. રાજ્યના ૬૦થી ૭૦ ટકા વિસ્તારોમાં આ વરસાદ પડી શકે છે. બે થી પાંચ ઈંચ વરસાદની શકયતા છે. હવામાનના જાણકારોના મત મુજબ રાજ્યના કેટલાક અલગ-અલગ ભાગોમાં વરસાદની શક્યતા છે. ૨૧ સપ્ટેમ્બર પછી રાજ્યના કેટલાક ભાગોમાં મધ્યમથી ભારે વરસાદની સંભાવના છે. પૂર્વ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના છે. પંચમહાલ, સાબરકાંઠા, કચ્છમાં ભારે વરસાદની સંભાવના છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠાના ભાગોમાં હળવોથી ભારે વરસાદ પડી શકે છે. ૧૦ ઓક્ટોબરથી ૧૩ ઓક્ટોબર સુધી બંગાળના સબ સીમાં ચક્રવાતની શક્યતા રહેશે. નવરાત્રિ દરમ્યાન છુટાછવાયા વરસાદની સંભાવના છે. રાજ્યમાંથી ચોમાસું ધીરે ધીરે વિદાય લેશે. જેના કારણે રાજ્યમાં વરસાદની તીવ્રતા ઘટી છે. રાજ્યના હવામાન વિભાગનો અંદાજ છે કે રાજ્યમાં ૭ દિવસ સુધી સામાન્ય વરસાદ પડી શકે છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. ભેજવાળા વાતાવરણને કારણે સામાન્ય વરસાદી ઝાપટા પડશે. સામાન્ય વરસાદ પડશે અને હાલમાં વરસાદી સિસ્ટમ સક્રિય નથી. તેનું પરિણામ રાજ્યની જનતાને ભોગવવું પડી શકે છે. આ વર્ષે બંગાળની ખાડી સતત સક્રિય છે અને એક પછી એક સિસ્ટમો બની રહી છે. તાજેતરમાં રચાયેલ ડીપ ડિપ્રેશન હાલમાં ઉત્તર ભારત તરફ આગળ વધી રહ્યું છે. જેના કારણે ઉત્તર અને મધ્ય ભારતના રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. હાલમાં ગુજરાતમાંભારેથી અતિભારે વરસાદની કોઈ શક્યતા નથી, પરંતુ ૨૨ અને ૨૩ની આસપાસના કેટલાક વિસ્તારોમાં વરસાદ વધી શકે છે. જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાત, પૂર્વ અને મધ્ય ગુજરાતના વિસ્તારોમાં વરસાદનું પ્રમાણ થોડું વધવાની સંભાવના છે.

# ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાતના અન્ય વિસ્તારો માટે પણ ભવિષ્યલક્ષી માસ્ટર પ્લાન બનાવાશે : મુખ્યમંત્રી



ગાંધીનગર, તા.૨૧

સુરત અને તેની આસપાસના નવસારી, ભરૂચ, ડાંગ, તાપી તથા વલસાડ એમ ૬ જિલ્લાઓના બનેલા 'સુરત ઈકોનોમિક રિજીયન'ના મહત્વાકાંક્ષી 'ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન'નું સુરતથી લોન્ચીંગ કર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે સ્પષ્ટપણે જણાવ્યું કે, ભાવિ વિકાસનો માસ્ટર પ્લાન માત્ર એક ડોક્યુમેન્ટ નથી, પણ રાજ્યના છ જિલ્લાઓના ઈકોનોમિક લેન્ડસ્કેપમાં મોટું પરિવર્તન લાવી શકે એવું કમિટમેન્ટ છે. તેમાં વિકાસના પાયા સમાન સસ્ટેનેબલ એગ્રીકલ્ચર, રિયલ એસ્ટેટ, ટુરિઝમ, આઈ.ટી., લોજિસ્ટિક્સ વગેરે સેકટરના વિકાસની સંભાવનાઓ પણ ઉજાગર થઈ છે.

સુરતના ડુમસ રોડની લી મેરેડિયન હોટેલ ખાતે આયોજિત સમારોહમાં વિવિધ ક્ષેત્રોના ઉદ્યોગપતિઓ, શિક્ષણવિદો, હીરા-ટેક્ષટાઈલ, ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ, જેમ્સ એન્ડ જ્વેલરી, હેલ્થ, હોટેલ એસોસિયેશન, સહકારી ક્ષેત્ર, સુગર મિલો, એપીએમસી, ફુડ પ્રોસેસિંગ, એક્વા ફાર્મિંગ, GIDCના પ્રમુખો, ક્રેડાઈ, સી.એ., સોલાર એનર્જી જેવા વિવિધ પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોએ ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાનનું અનાવરણ કર્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, સુરત પરિક્ષેત્રનો ઝડપી અને સસ્ટેનેબલ વિકાસ કરવો એ કેન્દ્ર સરકારની નેમ છે, જેને પૂરી કરવા ગુજરાત સજજ છે, ત્યારે ગુજરાતના વિકાસ મોડેલને આ પહેલ નવી ઊર્જા પૂરી પાડશે, બુસ્ટ આપશે.

ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે, જ્યારે ગુજરાતનું ગ્રોથ એન્જિન સુરત છે. સુરતે રાજ્યની આર્થિક ગતિવિધિઓના કેન્દ્ર તરીકે આગવી ઓળખ મેળવી છે. નીતિ આયોગના નેજા હેઠળ સુરતે દેશનો સૌપ્રથમ ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન બનાવ્યો છે, ત્યારે આ પ્લાન 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'નો લક્ષ્યાંક સિદ્ધ કરશે એવો વિશ્વાસ વ્યક્ત કરતા મુખ્યમંત્રીએ કહ્યું કે, ગ્રોથ હબ પ્રોગ્રામ એ વિકસિત ભારત@2047ના વિઝન અંતર્ગત વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને ૩૦ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવાના લક્ષ્યને હાંસલ કરશે. વડાપ્રધાન જેને લઘુ ભારત કહે છે તે સુરત અને તેની આસપાસના વિસ્તારોના હોલિસ્ટિક ડેવલપમેન્ટ વિઝન સાથે નીતિ આયોગે એક આગવી પહેલ કરી છે, ત્યારે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાતના અન્ય વિસ્તારો માટે પણ આવા જ ભવિષ્યલક્ષી માસ્ટર પ્લાન બનાવવા અંગે વિચારણા કરાશે એમ જણાવતા તેમણે કહ્યું કે રાજ્યના જીડીપીમાં મેન્યુફેકચરિંગ સેકટરના ૩૬ ટકા ફાળા સામે જીડીપીમાં સુરતના મેન્યુફેકચરીંગ સેકટરનો ફાળો ૫૫ ટકા છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ૧૯૬૦ પછીના દાયકાઓ સુધી ગુજરાતના વિકાસની ગતિવિધિઓ વાપીથી તાપીના બેલ્ટ સુધી સીમિત રહી હતી. દરિયો, રણ, ડુંગરાઓ ધરાવતા ગુજરાતમાં એ સમયે વિકાસની કોઈ સંભાવના ન હતી. વીજળી, પાણી, રોડ-રસ્તા, ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસનું કોઈ સ્થાન કે દિશા ન હતા, પરંતુ છેલ્લા બે દાયકામાં ગુજરાતે વિકાસની રફતાર પકડી છે. આર્થિક વિકાસની આ યોજના સુરત અને આસપાસના અન્ય પાંચ જિલ્લાઓના વિકાસનો રોડમેપ કંડારશે એમ જણાવી મુખ્યમંત્રીએ કહ્યું કે, આવનારા ૨૫ વર્ષના વિકાસને કેન્દ્રમાં રાખી, ડેવલપમેન્ટ એક્શન પ્લાન સાથે રાજય સરકાર આયોજનબદ્ધ રીતે આગળ વધી રહી છે. રાજ્યના વિકાસ વિઝનને વધુ તેજ ગતિએ સાકાર કરવા નીતિ આયોગની પેટર્ન ઉપર ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન (ગ્રિટ) પણ કાર્યરત કરી છે. ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન વિશે વિસ્તૃત વિગતો આપતા નીતિ આયોગના સીઈઓ. બી.વી.આર. સુબ્રમણ્યમે જણાવ્યું કે, સુરત અને આસપાસના પાંચ જિલ્લાઓમાં આર્થિક વિકાસની આગવી તકો રહેલી છે. સુરત આર્થિક ક્ષેત્ર પાસે સમતોલ વિકાસની પૂર્ણ ક્ષમતા અને લાયકાત છે. નીતિ આયોગ દ્વારા ગુજરાત સરકાર, સુરત સ્થાનિક પ્રશાસન સાથે મળીને ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન બનાવવામાં કેટલાક દિવસો નહીં, પરંતુ સતત એક વર્ષની મહેનત અને મંથન કરાયું છે.

# મોટેથી ઘોંઘાટિયા DJ મ્યુઝિકને કારણે બલરામપુરમાં દુર્લભ બ્રેઈન હેમરેજ કેસ

(એજન્સી) તા.૨૧

બલરામપુર જિલ્લામાં એક ચોંકાવનારી ઘટનામાં એક ૪૦ વર્ષીય માણસને બ્રેઈન હેમરેજ થયું હોવાનું કહેવાય છે, જે અતિશય મોટેથી ડીજે મ્યુઝિકને કારણે થયું હતું. સંજય જયસ્વાલને ડીજે સાધનો સાથે મદદ કરતી વખતે અચાનક ચક્કર આવ્યા અને ઉલટી અને તીવ્ર માથાનો દુખાવો સહિતના ગંભીર લક્ષણોમાં વધારો થયો. સંજોગો જાહેર કરવા માટે તેમની પ્રારંભિક અનિચ્છા હોવા છતાં, તેમણે આખરે ખુલાસો કર્યો કે તે સમયે નજીકમાં મોટેથી સંગીત વાગી રહ્યું હતું. આ અસામાન્ય કેસથી ડૉક્ટરો આશ્ચર્યચકિત થઈ ગયા હતા, કારણ કે જયસ્વાલને હાઈ બ્લડ પ્રેશર અથવા તાજેતરની ઈજાઓ જેવી કોઈ અગાઉની સ્વાસ્થ્ય સમસ્યાઓ નહોતી. સીટી સ્કેનથી તેના મગજના પાછળના ભાગમાં લોહી ગંઠાઈ ગયુ હોવાનું બહાર આવ્યું છે, જે સામાન્ય રીતે હાયપરટેન્શન અથવા આઘાત જેવી પરિસ્થિતિઓ સાથે સંકળાયેલું છે. ડો. શૈલેન્દ્ર ગુપ્તા જે એક ENT નિષ્ણાત છે તેમણે મગજના સંવેદનશીલ વિસ્તારો ઉપર મોટા અવાજની સંભવિત અસરની નોંધ લીધી, જે સૂચવે છે કે દરેક વ્યક્તિ ભારે અવાજના સ્તરનો સામનો કરી શકતો નથી. જ્યારે ડૉ. નીતિ વર્મા, જેઓ ENT કન્સલ્ટન્ટ પણ છે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ડીજે અવાજ અને બ્રેઈન હેમરેજ વચ્ચે કોઈ સીધો સંબંધ નથી, તેમણે સ્વીકાર્યું કે ઉચ્ચ વોલ્યુમ બ્લડ પ્રેશર અને અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓમાં વધારો કરી શકે છે. તહેવારો અને લગ્નો દરમ્યાન ડીજેથી થતા ધ્વનિ પ્રદૂષણ અંગે સતત ચિંતાઓ વચ્ચે આ મામલો સામે આવ્યો છે. જવાબમાં ખાસ કરીને ઉચ્ચ અદાલતના ચુકાદાએ કડક અમલીકરણની જરૂરિયાતને સંબોધિત કર્યા પછી સ્થાનિક સત્તાવાળાઓને અવાજના નિયમોના ઉલ્લંઘન સામે પગલાં લેવા વિનંતી કરવામાં આવી છે.

# રાજ્યમાં ૨૭૯૨ પોલીસ કર્મીઓને સરકાર દ્વારા અપાઈ બઢતી

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત પોલીસ વિભાગના પોલીસ કર્મચારી-અધિકારીઓને સંવર્ગવાર સમયસર બઢતી મળી રહે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. કર્મચારીની બઢતી તેનામાં નવી ઉર્જાનો સંચાર કરીને કાર્યક્ષમતા વધારવામાં તો મહત્વનો ભાગ ભજવે જ છે, ઉપરાંત કર્મચારીની બઢતી સમગ્ર પરિવારને પણ સ્પર્શતો મુદ્દો છે. તેથી રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા આ બાબતને ખુબ જ સંવેદનાથી લઈ પોલીસ કર્મચારીઓની બઢતી માટે તમામ જરૂરી સંલગ્ન પ્રક્રિયાઓ સમયસર કરવા આદેશો આપવામાં આવ્યા છે. જેના પરિણામ સ્વરૂપે ગુજરાત પોલીસ વિભાગમાં ચાલુ વર્ષે કુલ ૨૭૯૨ પોલીસ કર્મચારી-અધિકારીઓને બઢતી મળવા પામી છે. સરકારના આ નિર્ણયથી પોલીસ કર્મચારીઓમાં નવી ઉર્જાનો સંચાર થયો છે. વર્ષ-૨૦૨૪માં સપ્ટેમ્બર માસ સુધીમાં ૩૧૨ પી.એસ.આઈને પી.આઈ, ૭૭ એ.એસ.આઈને પી.એસ.આઈ, ૧૦૪૬ હેડ કોન્સ્ટેબલને એ.એસ.આઈ અને ૧૧૨૯ પોલીસ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી આપવામાં આવી છે. આ ઉપરાંત, ૨૨૮ કલેરીકલ સ્ટાફને પણ બઢતીનો લાભ મળ્યો છે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના મજબૂત નેતૃત્વ હેઠળ પોલીસ કર્મચારીઓને પ્રોત્સાહિત કરવા માટે અનેક પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે, ત્યારે પોલીસ કર્મચારીઓને બઢતી આપવાનો ઉદ્દેશ્ય માત્ર તેમના વાજબી હકને સમ્માન કરવો જ નહીં, પરંતુ તેમના ઉત્સાહ અને કાર્યક્ષમતામાં વધારો કરવાનો છે. આ નિર્ણયથી રાજ્યની લો એન્ડ ઓર્ડર વ્યવસ્થામાં વધુ મજબૂતી આવશે.

# ફૂડ પેકેજિંગમાંથી માનવ શરીરને નુકસાન કરતાં ૩,૬૦૦થી વધુ રસાયણો મળી આવ્યા

નવી દિલ્હી, તા.૨૧

૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪,ના રોજ પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં જણાવાયું છે કે ફૂડ પેકેજિંગ અથવા તેની તૈયારીમાં ઉપયોગમાં લેવાતા ૩,૬૦૦થી વધુ રસાયણો માનવ શરીરમાં મળી આવ્યા છે, જેમાંથી કેટલાક સ્વાસ્થ્ય માટે જોખમી છે, જ્યારે અન્ય વિશે ઓછી જાણકારી છે. આમાંના લગભગ ૧૦૦ રસાયણો માનવ સ્વાસ્થ્ય માટે 'ચિંતાજનક' માનવામાં આવે છે. ઝ્યુરિચ સ્થિત એનજીઓ ફૂડ પેકેજિંગ ફોરમ ફાઉન્ડેશનના મુખ્ય અભ્યાસ લેખક બિર્ગિટ ગ્યુકેએ જણાવ્યું હતું કે, આમાંના કેટલાક રસાયણોનો પ્રમાણમાં સારી રીતે અભ્યાસ કરવામાં આવ્યો છે અને તે પહેલાથી જ માનવ શરીરમાં મળી આવ્યા છે, જેમ કે PFAS અને બિસ્ફેનોલ છે જે બંને પ્રતિબંધિત છે. પરંતુ અન્ય લોકોના સ્વાસ્થ્ય અસરો વિશે ઓછી જાણકારી છે. પેકેજિંગમાં ઉપયોગમાં લેવાતા રસાયણો ખોરાકની સાથે કેવી રીતે પેટમાં જાય છે તે અંગે વધુ સંશોધનની જરૂર છે. સંશોધકોએ અગાઉ લગભગ ૧૪,૦૦૦ ખાદ્ય સંપર્ક રસાયણોની યાદી સૂચિબદ્ધ કરી હતી, જે પ્લાસ્ટિક, કાગળ, કાચ, ધાતુ અથવા અન્ય સામગ્રીમાંથી બનેલા પેકેજિંગમાંથી ખોરાકમાં આવે છે. તેઓ ખોરાક બનાવવાની પ્રક્રિયાના અન્ય ભાગોમાંથી પણ આવી શકે છે, જેમ કે કન્વેયર બેલ્ટ અથવા રસોડાના વાસણોમાંથી. ત્યારબાદ સંશોધકોએ હાલના બાયોમોનિટરિંગ ડેટાબેઝમાં આ રસાયણોની શોધ કરી, જે માનવ નમૂનાઓમાં રસાયણોને ટ્રેક કરે છે. ગ્યુકેએ જણાવ્યું હતું. તેઓએ ૩,૬૦૧ રસાયણો શોધી કાઢ્યા છે. જ્યુકેએ જણાવ્યું હતું કે આ અભ્યાસ એ દર્શાવી શકતો નથી કે આ બધા રસાયણો ખોરાકના પેકેજિંગમાંથી શરીરમાં આવશ્યકપણે સમાપ્ત થાય છે, કારણ કે અન્ય એક્સપોઝર સ્ત્રોતો શક્ય છે. ઉચ્ચ રસાયણોમાં PFAS હતા, જેને કાયમી રસાયણો તરીકે પણ ઓળખવામાં આવે છે, જે તાજેતરના વર્ષોમાં માનવ શરીરના ઘણા ભાગોમાં મળી આવ્યા છે અને સ્વાસ્થ્ય સમસ્યાઓ સાથે જોડાયેલા છે. બિસ્ફેનોલ A પણ મળી આવ્યું હતું, જે પ્લાસ્ટિક બનાવવા માટે ઉપયોગમાં લેવાય છે અને હોર્મોનમાં વિક્ષેપ પાડતું રસાયણ હતું જે ઘણા દેશોમાં બાળકની બોટલોમાંથી પહેલેથી જ પ્રતિબંધિત છે. અન્ય હોર્મોન વિક્ષેપ પાડતું રસાયણ phthalate જ હતું, જે વંધ્યત્વ સાથે સંકળાયેલું છે. ઓલિગોમર્સ વિશે જાણકારી ઓછી છે, જે પ્લાસ્ટિકના ઉત્પાદનની આડપેદાશ પણ છે. આ રસાયણોની આરોગ્ય અસરો પર લગભગ કોઈ પુરાવા નથી. આ રસાયણો એકબીજા સાથે ક્રિયાપ્રતિક્રિયા કરી શકે છે, જ્યુકેએ ભલામણ કરી હતી કે લોકો પેકેજિંગ સાથેનો તેમનો સંપર્ક ઘટાડે અને પેકેજિંગમાં આવે છે તેમાં ખોરાકને ગરમ કરવાનું ટાળવું જોઈએ. આ પૈકી કેટલાક રસાયણો પહેલેથી જ પ્રતિબંધ છે. યુરોપિયન યુનિયન ફૂડ પેકેજિંગમાં PFASના ઉપયોગ ઉપર પ્રતિબંધ મૂકવાના અંતિમ તબક્કામાં છે. EU એ પણ આ વર્ષના અંતથી બિસ્ફેનોલ છ માટે સમાન પ્રતિબંધનો પ્રસ્તાવ મૂક્યો છે. આ અભ્યાસ જર્નલ ઑફ એક્સપોઝર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટલ એપિડેમિયોલોજીમાં પ્રકાશિત થયો હતો.

‘સ્વચ્છતા હિ સેવા’ પખવાડિયા ઉજવણી કાર્યક્રમ અંતગર્ત

# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ સ્થળોએ સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ

## શહેરના વિવિધ વોર્ડ વિસ્તારમાં સ્વચ્છતા અંગે શેરી નાટક કરવામા આવ્યા







જૂનાગઢ તા. ૨૧ ૨ જી ઓક્ટોબર મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિતે શ્રદ્ધાંજલિ અર્પણ કરવા સમગ્ર ભારતના સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણી કરવામાં આવે છે, તેમજ આ દિવસને સ્વચ્છ ભારત દિવસ (SBD) તરીકે ઉજવવામાં આવે છે. સ્વચ્છતા માટેના સ્વૈચ્છિક અને સામુહિક પ્રયાસોને મજબુત કરવા "સ્વચ્છતા હી સેવા" (SHS) પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે. આ કાર્યક્રમ અંતર્ગત માન.કમિશનર ડો.ઓમ પ્રકાશના માર્ગદર્શન અને નાયબ કમિશનર એ.એસ.ઝાપડા, આસી.કમિશનર જયેશભાઈ પી. વાજા તથા સેક્રેટરીઅને સેનીટેશન સુપ્રિટેન્ડેન્ટ કલ્પેશભાઈ ટોલીયાની સુચના મુજબ સુપરવાઈઝર રાજેશભાઈ ત્રિવેદી, ધર્મેશભાઈ ચુડાસમા, મનીષભાઈ દોશી અને ભરતભાઈ ગૌસ્વામી દ્વારા શહેરમાં દૈનિક જુદી જુદી થીમ સાથે ખાસ સફાઈ અભિયાન શરૂ કરવામાં આવેલ હતું જેમાં ગઈકાલે તા.૨૦/૦૯/૨૦૨૪ના રોજ શહેરના જાહેર શૌચાલયો, સાબલપુર પાસે આવેલ લોલ નદી, શહેરના હેરીટેજ વિસ્તાર એવા મહોબત મકબરામા સફાઈની કામગીરી કરવામા આવી હતી. શાળાઓમાં સ્વચ્છતા અને કચરાનું વર્ગીકરણ અંગે માર્ગદર્શન આપવામાં આવેલ હતું. તેમજ શહેરના વિવિધ વોર્ડ વિસ્તારમાં સ્વચ્છતા અંગે શેરી નાટક યોજવામાં આવેલ હતા.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા સ્વસહાય જૂથોની બહેનોને તાલીમ અપાઈ







દ્વારકા તા. ૨૧ વર્તમાન સમયમાં વધુ ઉત્પાદન મેળવવાની હોડમાં કૃષિ ક્ષેત્રે રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ વગેરેના બેફામ ઉપયોગને કરણે વિવિધ સમસ્યાઓ ઉભી થયેલ છે. આથી લોકોને પ્રાકૃતિક એટલે કે ઋષિ-કૃષિ અથવા પરંપરાગત ખેતી દ્વારા અનાજ, શાકભાજી વિગેરે ઉગાડવામાં આવે અને તેનો વપરાશ વધે તે માટે ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી તરફ વળવા માટેનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળે તે માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન યોજના હેઠળ જિલ્લાના સ્વસહાય જૂથોમાં જોડાયેલ મહિલાઓને પ્રાકૃતિક ખેતી અંગેની વિગતવાર તાલીમ અને શિક્ષણ માટે ગુજરાત લાઈવલી હૂડ પ્રમોશન કંપની લી. દ્વારા ગુજરાત નેચરલ ફાર્મિંગ અને આણંદ સાયન્સ યુનિવર્સીટી સાથે કરાર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત પ્રાકૃતિક ખેતીના તજજ્ઞો એટલે માસ્ટર ટ્રેનર અને ચેમ્પીયન ફાર્મર્સ દ્વારા જિલ્લાના ચારેય તાલુકાઓમાં બહેનોને આ તાલીમ આપવામાં આવી રહી છે. જે અંતર્ગત ભાણવડમાં ૬૦, કલ્યાણપુરમાં ૩૦, ખંભાળિયા અને દ્વારકા તાલુકામાં ૩૦-૩૦ બહેનોને તાલીમ આપવામાં આવી છે.

આ પાંચ દિવસીય તાલીમમાં પ્રાકૃતિક ખેતીના મુખ્ય આધાર સ્તંભો તથા ખેડૂતો પાસે ખેતરમાં જ અથવા સ્થાનિક ઉપલબ્ધ વિવિધ વસ્તુઓમાંથી જ દવાઓ કેમ બનાવવી, કઈ કઈ બાબતોની કાળજી રાખવી વિગેરેનું વિગતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મહાનગરપાલિકા, જૂનાગઢની

# કેટલ પાઉન્ડ શાખા દ્વારા શહેરમાં જાહેર રસ્તા પરથી ગૌવંશ પકડવાની કામગીરી શરૂ



જૂનાગઢ તા. ૨૧

મહાનગરપાલિકા, જૂનાગઢના કમિશ્નર ડો.ઓમ પ્રકાશની સુચના મુજબ નાયબ કમિશ્નર એ.એસ. ઝાંપડા અને આસી.કમિશ્નર જયેશભાઈ પી. વાજાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ મહાનગરપાલિકાની હદ વિસ્તારમાંથી રખડતા ભટકતા અને જાહેર માર્ગો ઉપર અડચણરૂપ થતા ગૌવંશને અટકાવવા અને જાહેરમાં અનધિકૃત ઘાસ ચારો વેચતા ઈસમોને પકડવા માટે જૂનાગઢ મહાનગરપાલિકાના પ્રોજેક્ટ ઓફિસર એચ.કે.ચુડાસમા અને કેટલ પાઉન્ડ સુપરવાઈઝરશ્રી રાજેશભાઈ પરમારના સુપરવિજન હેઠળ તા.૨૦/૦૯/૨૦૨૪ના રોજ શહેરમાંથી ૧૪ ગૌવંશને સરકારશ્રીની ગૌ પોષણ યોજના હેઠળ લાભ મેળવતી અન્ય ગૌશાળામાં મોકલવામાં આવ્યા હતા. આગામી દિવસોમાં પણ મહાનગર પાલિકા, જૂનાગઢ દ્વારા શહેરમાં ગૌવંશ પકડવાની તથા અનધિકૃત રીતે શહેરમાં ઘાસચારા વેચાણકર્તા સામે કાર્યવાહી કાર્યરત રહેશે.

# કોડીનાર તાલુકાના ડોળાસા ગામે રોડની દુર્દશા અને ધુળની ડમરીઓથી લોકો ત્રાહિમામ



(પ્રતિનિધિ દ્વારા) ડોળાસા તા.૨૧

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે ગામમાંથી પસાર થતા હાઈવે રોડની દુર્દશાથી વાહન ચાલકો તો પરેશાન છે જ ! સાથે અહીં ધંધો કરતા વેપારીઓ તો ધૂળની ડમરીઓથી તોબા પોકારી ગયા છે. ડોળાસા ગામમાંથી પસાર થતા હાઈવે રોડ તો ચોમાસું ચાલુ થયું ત્યારેથી બિસ્માર હાલત છે. વરસાદના દિવસોમાં તો રોડ ઉપર બે બે ફૂટના પાણીના ખાડાઓ ની હારમાળા સર્જાતી હતી. વાહન ચાલકો અને લોકો સમજતા હતા કે ચોમાસામાં રોડ નહિ બને. પણ હવે ચોમાસું પૂરૂં થયું છે અને ભાદરવાનો તડકો શરૂ થતાં જ ધુળની ડમરીઓ શરૂ થતાં રોડ કાંઠે દુકાન, રેકડી, લારી ધરાવતા ધંધાર્થીઓ ત્રાસી ગયા છે. આટલી ધૂળ ઉડે છે પણ નેશનલ હાઈવે દ્વારા અહીં પાણી પણ છાંટવામાં આવ્યું નથી. પણ આ સમસ્યાનો કાયમી ઉકેલ જે રોડ ખલાસ થઈ ગયો છે. તે નવો પેવર રોડ બનાવવા ડોળાસા વેપારી મંડળના પ્રમુખ પ્રતાપસિંહ મોરીએ માંગ કરી છે. ડોળાસા ગામે તુરત ડામર રોડનું કામ શરૂ નહીં થાય તો ડોળાસા ગામના વેપારી મંડળ દ્વારા આંદોલન કરવાની ચીમકી પણ આપવામાં આવી છે.

# કોડીનાર તાલુકાના અડવી અને જમનવાડા ગામોને જોડતો પેવર રોડ બનાવવા બંને ગામોની જનતાની માંગ



(પ્રતિનિધિ દ્વારા) ડોળાસા તા.૨૧

કોડીનાર તાલુકાના અડવીથી જમનવાડા ગામો વચ્ચેનું અંતર માત્ર ત્રણ કી.મી. છે. આ રોડ દેશ આઝાદ થયો ત્યારથી બન્યો જ નથી. બંને ગામોની જનતા સત્વરે આ ભંગાર રસ્તાને પેવરથી મઢવાની માંગ કરી રહી છે.

અડવીથી જમનવાડા ગામનો રસ્તો માત્ર ત્રણ કી.મી. છે. તેમાંય અર્ધો કી.મી.રોડ જમનવાડા તરફથી બની ગયો છે. ખાસ તો એ બાબત મહત્વ ની છે કે આ રોડ પર અડવી ગામના ૧૦૦ થી વધુ પરિવારો વાડીએ મકાન બનાવીને પરિવાર સાથે રહે છે. તેમાંય અનેક બાળકો છે જે અડવી ગામની શાળામાં અભ્યાસ કરે છે. ખેડૂતો / પશુ પાલકોને સવાર - સાંજ દૂધ આપવા ડેરીએ ગામમાં જવું પડે છે. ટૂંકમાં અડવી ગામની મોટાભાગની ખેતીવાડીની જમીન આ રોડ ઉપર આવેલી છે. તો જમનવાડા ગામના પણ અનેક ખેડૂતો આ રોડ પર જમીન અને રહેણાંક ધરાવે છે. પણ હાલ આ રોડ તદન બિસ્માર હાલતમાં છે. તેમાંય ચોમાસા દરમ્યાન આ રોડ ઉપર એટલો કીચડ થાય છે કે વાહન તો શું પગપાળા પણ ચાલી શકાતું નથી. માત્ર ખરાબ રસ્તાના કારણે બાળકો શાળાએ જઈ શકતા નથી.

બિસ્માર રસ્તાના કારણે અડવી, જમનવાડા ગામોના લોકો, ખેડૂતો અને તેમના પરિવારજનો અને ખાસ તો શાળામાં ભણતા બાળકો ભારે પરેશાન છે. આ બધી સમસ્યાઓનું એક માત્ર સમાધાન અડવી - જમનવાડા પેવર રોડ છે. આ પેવર રોડનું કામ સત્વરે શરૂ થાય તેવી લોક માંગ છે. આ બંને ગામના લોકો આ રોડની વીસ વર્ષથી માંગણી કરી રહ્યા છે. પણ હજુ સુધી આ પ્રશ્ન ઉકેલાયો નથી. ઉપરોક્ત બાબતે અડવી ગામના ખેડૂત દિલીપભાઈ નરસિંહભાઈ પરમારે રજૂઆત કરી અડવી, જમનવાડા રોડ તુરત બનાવવા માંગ કરી છે.

પ્રભાસ પાટણ સમસ્ત હિન્દુ સમાજ દ્વારા

# આર્મીની ટ્રેનીંગ પુર્ણ કરી વતન આવેલા યુવાનનું સન્માન કરાયું









(પ્રતિનિધિ દ્વારા) પ્રભાસ પાટણ તા. ૨૧

પ્રભાસ પાટણ સમસ્ત હિન્દુ સમાજ દ્વારા પ્રભાસ પાટણ ગામનું ગૌરવ અને સમસ્ત કોળી સમાજનું ગૌરવ એવા જયેશભાઈ ગઢીયા જેમનું આર્મીમાં સીઆરપીએફની અગીયાર માસની ટ્રેનિંગ પૂર્ણ થતા સમસ્ત પ્ર.પાટણ ગામ વતી સોમપુરા બ્રાહ્મણ સમાજની બ્રમ્હપુરિમાં સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રભાસ પાટણ સમસ્ત હિન્દુ સમાજના આગેવાનો ઉપસ્થિત રહી જયેશભાઈ ગઢીયાને યથોચિત સન્માન કરી ભારતમાતાની રક્ષા કાજે ખડેપગે રહેવા માટે ખુબજ શક્તિ પ્રદાન કરે તેવી સોમનાથ મહાદેવને પ્રાર્થના કરેલ હતી અને ભારતમાતા કી જય અને વંદે માતરમ્‌ના નારાથી તેમને અભિવાદન આપવામાં આવેલ હતા.

# ખંભાળિયા તથા કલ્યાણપુર તાલુકામાં આરોગ્યલક્ષી કામગીરી હાથ ધરાઈ



જામ ખંભાળિયા, તા. ૨૧

સ્વચ્છતા હી સેવાના સંકલ્પ હેઠળ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અભિયાન અંતર્ગત ઝુંબેશ રૂપે સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જિલ્લામાં શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે શુક્રવારે ખંભાળિયા તથા કલ્યાણપુર તાલુકામાં જાહેર સ્થળો, માર્ગો, રહેણાંક વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત આરોગ્યલક્ષી દવા છંટકાવ સહિતની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# ગીરગઢડા તાલુકાના મહોબત પરા ગામના ગૌચર જમીન ઉપર થયેલ દબાણ દૂર કરવા માંગ

## ગ્રામજનોએ કલેકટરને આવેદન પત્ર આપી રજૂઆત કરી

(પ્રતિનિધિ દ્વારા) ઉના તા. ૨૧

ગીરગઢડા તાલુકાના મહોબતપરાના ખાટુભાઈ રામભાઈ કાતરીયા અને ગ્રામજનોની સહી કરેલું જિલ્લા કલેકટર ગીર સોમનાથને સંબોધીને લખેલ આવેદન પત્ર ઊનાની પ્રાંત કચેરીએ આપી રજૂઆત કરી હતી કે ગીરગઢડા તાલુકાના મહોબતપરા ગામમાં ૭૦૦થી ૧૦૦૦ વિઘા જેટલું પશુના ચરિયાણ માટેનું ગૌચર આવેલ છે. આ ચરિયાણમાં મહોબત પરા ગામના લોકો અને બહારના લોકો દવારા દબાણ કરેલ છે. ગૌચર જમીનની માપણી અધિકારીઓની ઢીલી નીતિના કારણે થયેલ નથી.ગૌચર જમીનની જાળવણી તેમજ દેખરેખ અધિકારીઓની હોય છે. તો વહેલી તકે ગૌચર જમીનની માપણી કરી જેટલી જમીનમાં દબાણ કરેલું હોય તે તુરંત ખુલ્લું કરવા ગ્રામજનોએ માંગણી કરી છે.

મહિલા આર્ટસ કોલેજની બહેનોએ

# ઊના બસ સ્ટેશનમાં ‘સ્વચ્છ ભારત સ્વસ્થ-ભારત’ અંગે જાગૃતિનો સંદેશ નાટક ભજવ્યો



ઉના તા.૨૧

સફાઈ અભિયાન અંતર્ગત ગઈકાલે ઊના એસ.ટી. બસ સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર ઊના તાલુકા કેળવણી મંડળ સંચાલિત મહિલા આર્ટસ કોલેજમાં અભ્યાસ કરતી NNSની બહેનોએ ‘સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત’ અંગે નાટક ભજવી લોકોને જ્યાં ત્યાં થુંકવુ નહિ, ગંદકી કરવી નહિ તેવી જાગૃતિનો સંદેશ મુસાફરોને આપી જાગૃત કરેલ હતા. ઊનાના ડેપો મેનેજર એલ.ડી. રાઠોડ અને સ્ટાફે બહેનોને અભિનંદન આપેલ હતા.

# ખંભાળિયા વિસ્તારમાં સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ




જામ ખંભાળિયા, તા. ૨૧

ખંભાળિયા સહિત જિલ્લામાં હાથ ધરાયેલા સફાઈ અભિયાનમાં જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે સફાઈ કામગીરી કરવામાં આવી હતી. શહેરના પોરબંદર રોડ પાસે નગરપાલિકાની ટીમ, દેવભૂમિ દ્વારકા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ (DLSA)ની ટીમ તેમજ ફિનિશ સોસાયટીએ સાથે મળીને સફાઈ કરીને સ્વચ્છતાના આ અભિયાનમાં પોતાની ભાગીદારી નોંધાવી હતી.

આડેધડ વસૂલાતી ટ્રાન્સફર ફીમાં થશે મોટા ફેરફાર

# ૩૩ વર્ષ બાદ હાઉસિંગ સોસાયટીના બદલાશે નિયમ

ગાંધીનગર, તા.૨૧ ૩૩ વર્ષ બાદ રાજ્ય સરકાર દ્વારા રાજ્ય સરકાર દ્વારા ટ્રાન્સફર ફી માં મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. ગુજરાતની કો-ઓપરેટિવ સોસાયટીઓ અને હાઉસિંગ સોસાયટીઓના ટ્રાન્સફર ફીના ધારાધોરણ નવેસરથી નક્કી કરાશે. નવા નિયમથી આડેધડ વસૂલાતી ટ્રાન્સફર ફી પર બ્રેક લાગશે. સાથે જ ટ્રાન્સફર ફી જંત્રીમાં દર્શાવેલી કિંમતની ટકાવારી મુજબની રહેશે અથવા તો દસ્તાવેજમાં દર્શાવેલી મકાન, ફ્લેટ કે દુકાનની કિંમત મુજબની રહેશે.

ગુજરાતમાં હાઉસીંગ કો.ઓપ. સોસાયટીમાં મિલ્કતોના થતા ખરીદ વેંચાણમાં ટ્રાન્સફર ફી અંગે છેક માર્ચ માસમાં રાજ્યની વિધાનસભાએ ખરડો પસાર કર્યો હતો. ગુજરાત વિધાનસભાએ ફેબ્રુઆરી માસમાં ધ ગુજરાત કો.ઓપ. સોસાયટી(સુધારા) બીલ-૨૦૨૪ મંજૂર કર્યુ હતું અને તે કાનુન બની ગયો હતો. પરંતુ હજુ સુધી નવા નિયમો બન્યા નથી. ત્યારે સૌથી પહેલા કો-ઓપરેટિવ સોસાયટીઓ અને હાઉસિંગ સોસાયટીઓના ટ્રાન્સફર ફી અંગે નિર્ણય લેવાઈ શકે છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, ગુજરાત સરકાર હવે ડેવલપમેન્ટ ચાર્જની વ્યવસ્થા જ નાબુદ કરે તેવી ધારણા છે. ગુજરાત કો.ઓ.સોસાયટી એકટ ૧૯૬૧માં આ સુધારા દાખલ કરાયા છે અને તેમાં સોસાયટી નિશ્ચિત ટ્રાન્સફર ફી કરતા વધુ ફી ઉઘરાવી શકે નહીં તે જોગવાઈ કરવામાં આવી છે. હાલના કાયદામાં ટ્રાન્સફર ફી અંગે કોઈ ચોકકસ જોગવાઈ નથી. દર વર્ષે ૧૫૦૦ હાઉસીંગ સોસાયટીઓ તો બની જાય છે, પરંતુ તેના કોઈ કાયદા કાનૂન નથી. દરેક પોતાની મનમરજીથી ટ્રાન્સફર ફી વસુલે છે. ત્યારે હવે આ મનમાની પર બ્રેક લાગશે. સરકારે તાજેતરમાં જ હાઉસીંગ સોસાયટીની નોંધણી માટે ઓછામાં ઓછા ૧૦ સભ્યોની જે જોગવાઈ છે તે ઘટાડીને ૮ સભ્યોની કરી હતી. ત્યારે હવે કયા કયા નિયમો લાગુ થઈ શકે છે તે જોઈએ.

નવા નિયમો મુજબ કોઈપણ સોસાયટીનો કોઈપણ પ્રકાર હશે તેને ધ્યાનમાં લીધા વિના સોસાયટીના તમામ સભ્યોએ ટ્રાન્સફર ફી ભરવાની રહેશે. સરકારમાં નોંધણી કરાવેલી કોઈપણ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના હાલના મકાન માલિક પાસેથી જ્યારે કોઈ નવો સભ્ય મકાન, ફ્લેટ કે કોમર્શિયલ પ્રોપર્ટી ખરીદે છે ત્યારે હાઉસિંગ સોસાયટી વહીવટ પેટે જે રકમ લે છે તેને ટ્રાન્સફર ફીની રકમ ગણવામાં આવે છે. આ ફીની રકમ ચૂકવીને મકાન કે ફ્લેટ ખરીદનાર નવો સભ્ય વિધિવત રીતે તે સોસાયટીનો સભાસદ બની જાય છે, અને તે સોસાયટી તરફથી પૂરી પડાતી તમામ સેવાઓનો લાભ ઉઠાવી શકે છે. રાજ્ય સરકારે છેલ્લે ટ્રાન્સફર ફીની રકમ ૧૯૯૧માં નક્કી કરી હતી ત્યારથી આજદિન સુધી તેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ૨૦૧૬ની સાલમાં પણ એ જ ફીની રકમ નક્કી રાખવામાં આવી હતી. હવે ૩૩ વર્ષ બાદ રાજ્ય સરકાર ગુજરાત કો-ઓપરેટિવ સોસાયટી એક્ટ-૧૯૬૧ની કેટલીક કલમોમાં સુધારા કરીને ટ્રાન્સફર ફીને વધુ તર્કસંગત બનાવશે. સરકારે નિયમોમાં જે સુધારો કર્યો છે તેને રાજ્યપાલ તરફથી મંજૂરી પણ મળી ગઈ છે અને સરકારી ગેઝેટમાં તેને પ્રસિદ્ધ પણ કરી દેવાયો છે, જેના કારણે રાજ્ય સરકારને નવા નિયમો બનાવીને ટ્રાન્સફર ફીમાં સુધારા-વધારા કરવાની સત્તા આપોઆપ મળી જાય છે.

CMYK CMYK CMYK

# ૨૧મી સપ્ટેમ્બર "વિશ્વ અલ્ઝાઈમર્સ દિવસ" : આ વર્ષની થીમ છે 'ડિમેન્શિયાને જાણો, અલ્ઝાઈમર્સને જાણો'

**વૃદ્ધાવસ્થામાં સમયાતરે ભૂલી જવાની અવસ્થાને સામાન્ય તકલીફની ક્ષણ ના ગણો પરંતુ તે અલ્ઝાઈમર્સની શરૂઆત હોઈ શકે છે તેનું તુરંત પરીક્ષણ જરૂરી : સમગ્ર વિશ્વમાં હાલની સ્થિતિમાં આશરે ૩.૫૬ કરોડ લોકો અલ્ઝાઈમર્સથી પીડાઈ રહ્યા છે અને વર્ષ ૨૦૩૦ સુધીમાં આ આંકડો ડબલ તેમજ ૨૦૫૦ સુધીમાં ત્રણ ગણો થઈ જવાની શક્યતા છે**

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૧

'વૃદ્ધાવસ્થામાં સમયાતરે ભૂલી જવાની અવસ્થાને સામાન્ય તકલીફની ક્ષણ ના ગણો પરંતુ તે અલ્ઝાઈમર્સની શરૂઆત હોઈ શકે છે તેનું તુરંત પરીક્ષણ જરૂરી.અલ્ઝાઈમર્સ અંગે લોકોમાં જાગૃતિ આવે તે માટે ૨૧ સપ્ટેમ્બરનો દિવસ 'વર્લ્ડ અલ્ઝાઈમર્સ ડે' તરીકે ઉજવવામાં આવે છે.'અલ્ઝાઈમર્સ ડિસીઝ ઈન્ટરનેશનલ' (ફેડરેશન) દ્વારા સન ૧૯૯૪માં વર્લ્ડ અલ્ઝાઈમર્સ ડેની શરૂઆત કરવામાં આવી હતી. 'અલ્ઝાઈમર્સ ડિસીઝ ઈન્ટરનેશનલ' એ વિશ્વ આરોગ્ય સંસ્થા(WHO) સાથે સત્તાવાર રીતે સંકળાયેલા વિશ્વભરના વિવિધ ૮૪ જેટલા અલ્ઝાઈમર્સ એસોસિએશનનું એક ઈન્ટરનેશનલ ફેડરેશન છે જેની વર્ષ-૨૦૨૪ની થીમ છે 'ડિમેન્શિયાને જાણો, અલ્ઝાઈમર્સને જાણો'. કોઈ વ્યક્તિને ડિમેન્શિયા છે કે કેમ તે નક્કી કરવા માટે કોઈ એક ટેસ્ટ નથી. ડોકટરો સાવચેત તબીબી ઈતિહાસ, શારીરિક તપાસ, પ્રયોગશાળા પરીક્ષણો અને દરેક પ્રકાર સાથે સંકળાયેલ વિચારસરણી, રોજિંદા કાર્ય અને વર્તનમાં લાક્ષણિક ફેરફારોના આધારે અલ્ઝાઈમર અને અન્ય પ્રકારના ઉન્માદનું નિદાન કરે છે. ડોક્ટર્સ નક્કી કરી શકે છે કે વ્યક્તિને ઉચ્ચ સ્તરની નિશ્ચિતતા સાથે ડિમેન્શિયા છે. પરંતુ ડિમેન્શિયાનો ચોક્કસ પ્રકાર નક્કી કરવો મુશ્કેલ છે કારણ કે વિવિધ ડિમેન્શિયાના લક્ષણો અને મગજના ફેરફારો ઓવરલેપ થઈ શકે છે. કેટલાક કિસ્સાઓમાં, ડોક્ટર "ઉન્માદ" નું નિદાન કરી શકે છે અને પ્રકારનો ઉલ્લેખ કરી શકતા નથી. જો આવું થાય, તો નિષ્ણાતને જોવાની જરૂર પડી શકે છે. સમગ્ર વિશ્વમાં હાલની સ્થિતિમાં આશરે ૩.૫૬ કરોડ લોકો અલ્ઝાઈમર્સથી પીડાઈ રહ્યા છે અને વર્ષ ૨૦૩૦ સુધીમાં આ આંકડો ડબલ તેમજ ૨૦૫૦ સુધીમાં ત્રણ ગણો થઈ જવાની શક્યતા છે. મોટાભાગે ૬૦ વર્ષથી ઉપરના લોકોમાં ૫૦થી ૭૫ ટકા લોકો આ રોગથી પીડાય છે. મોટા ભાગે આ બીમારી વૃદ્ધાવસ્થામાં જોવા મળે છે. જો કે નિષ્ણાતના મત મુજબ ક્યારેક ૩૦ વર્ષ જેવી નાની ઉંમરે પણ જોવા મળે છે. જોકે તેનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. અલ્ઝાઈમર રોગ અને ઉન્માદ વચ્ચેનો મુખ્ય તફાવત એ છે કે અલ્ઝાઈમર રોગ એ ચોક્કસ પ્રકારનો ઉન્માદ છે, જ્યારે ઉન્માદ એ જ્ઞાનાત્મક ક્ષમતાઓને અસર કરતી પરિસ્થિતિઓની શ્રેણી માટે સામાન્ય શબ્દ છે.

**ઉન્માદ :** લક્ષણોના જૂથ માટે સામાન્ય શબ્દ જે મેમરી, ભાષા, સમસ્યાનું નિરાકરણ અને વર્તનને અસર કરી શકે છે. મગજની ગાંઠો, માથામાં ઈજાઓ અથવા સ્ટ્રોક સહિત અનેક બાબતોને કારણે ડિમેન્શિયા થઈ શકે છે.

**અલ્ઝાઈમર રોગ :** ઉન્માદનો ચોક્કસ પ્રકાર કે જે પ્રગતિશીલ મેમરી નુકશાન અને જ્ઞાનાત્મક ઘટાડા દ્વારા વર્ગીકૃત થયેલ છે. અલ્ઝાઈમર રોગ એ વૃદ્ધ લોકોમાં ઉન્માદનો સૌથી સામાન્ય પ્રકાર છે.

**અલ્ઝાઈમર રોગ અને ઉન્માદ વચ્ચેના કેટલાક અન્ય તફાવતો અહીં છે**

**લક્ષણો :** અલ્ઝાઈમર રોગના લક્ષણોમાં યાદશક્તિમાં ઘટાડો, મૂંઝવણ અને આયોજન અને સમસ્યા ઉકેલવામાં મુશ્કેલીનો સમાવેશ થાય છે. ડિમેન્શિયાના લક્ષણોમાં યાદશક્તિમાં ઘટાડો, ભાષામાં તકલીફ અને દ્રશ્ય અને અવકાશી ક્ષમતાઓ સાથે સમસ્યાઓનો સમાવેશ થાય છે.

**કારણો :** અલ્ઝાઈમર રોગ સંભવતઃ આનુવંશિકતા, જીવનશૈલી અને પર્યાવરણીય પરિબળોના સંયોજનને કારણે થાય છે.

**સારવાર :** કેટલીક દવાઓ અલ્ઝાઈમર રોગના લક્ષણોને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે, પરંતુ તેનો કોઈ ઈલાજ નથી. ઉન્માદની સારવાર કેટલાક કિસ્સાઓમાં લક્ષણોને દૂર કરવામાં મદદ કરી શકે છે, પરંતુ અલ્ઝાઈમર માટે નહીં.

**ગતિ :** અલ્ઝાઈમર રોગ અન્ય પ્રકારના ઉન્માદ કરતાં વધુ ધીમેથી આગળ વધે છે. જો કે, પ્રગતિનો દર વ્યક્તિએ વ્યક્તિએ વ્યાપકપણે બદલાય છે.

નિષ્ણાતોના અભિપ્રાય મુજબ, ડિમેન્શિયા - અલ્ઝાઈમર્સને ઉંમર સાથે થતી સામાન્ય તકલીફ તરીકે જોવી જોઈએ નહીં. આ એક બીમારી છે અને તેની અનેક અસરો થતી હોય છે. આથી ડિમેન્શિયા - અલ્ઝાઈમર્સની તકલીફ ધરાવતા વૃદ્ધોનું માનવ ગૌરવ અને તેના માનવ અધિકાર જળવાઈ રહે તે રીતે તેની સાથે વર્તવું જોઈએ અને કાળજી લેવી જોઈએ. આજે સમાજમાં અલ્ઝાઈમર્સ અંગે જોઈએ તેટલી જાગૃતિનો અભાવ છે તેથી જ આ દિવસની પ્રભાવી ઉજવણી કરવામાં આવે છે જેનાં કારણે લોકો આ તકલીફને સમજે અને તેનાથી પીડાતા વ્યક્તિઓના સ્વભાવ પ્રત્યે પ્રેમ તથા સંવેદનાનાં અભિગમ રાખી સમાજને વધુ તંદુરસ્ત બનાવવા સહભાગી બનીએ.

## વેરાવળમાં મહિલાને બદનામ કરવા ઈન્સ્ટાગ્રામમાં વિવાદાસ્પદ પોસ્ટ કરનાર ઝડપાયો



**આરોપી યુવક મહિલાના ઘર બહાર દાણા નાંખતો હોવાનું CCTVમાં કેદ થયેલ જે અંગે ફરીયાદ કરતા પોલીસે ગુનો નોંધી આરોપીની આગવીઢબે પૂછપરછ હાથ ધરી**

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૧

વેરાવળમાં મહિલાને બદનામ કરવાનું રોચક કિસ્સો સામે આવ્યો છે. જેમાં આરોપી યુવક તીસરી આંખ સમાન CCTVમાં કેદ થતાં પોલીસ સકંજામાં આવ્યો છે. આરોપી દ્વારા મહિલાને પજવવા ઘરમાં જુવારના દાણા ઘા કરતો અને ઠપકો આપવા જતા મારામારી કરી મહિલાને વધુ બદનામ કરવા ઈન્સ્ટાગ્રામ ઉપર વાંધાજનક પોસ્ટ કર્યાનું સામે આવતા પોલીસે આઈ. ટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની આકરી પૂછપરછ હાથ ધરી છે. આ ચકચારી ઘટના અંગે માહિતી આપતા ડીવાયએસપી વી.આર. ખેંગારે જણાવ્યું હતું કે, વેરાવળની અજમેરી કોલોનીમાં રહેતા નશરીનબેન શેખના ઘરે રાત્રીના અગિયારેક વાગ્યાની આસપાસ ઘરની ડેલીના ચોકમાં કોઈ જુવારના દાણા નાંખી ગયેલ હોય જેથી આ બાબતે ઘરના સભ્યોને વાત કરેલ અને તે પછી ઘરની બહાર રાખેલ સી.સી.ટી.વી. કેમેરા ચેક કરતા તેમાં નજીકની દિવાનીયા કોલોનીમાં રહેતો જાવિદ અલીભાઈ મીર્જા હોવાનું સ્પષ્ટ પણે જણાઈ આવેલ હતું. આ ઈસમ ઘરથી થોડે દુર તેની મોટર સાયકલ પાર્ક કરીને પોતાના મોબાઈલ ફોનમાં વીડીયો કોલથી ચાલુ હાલતમાં કોઈ સાથે વાત કરતો કરતો મહિલાના ઘરની ડેલીના દરવાજાની ઉપરની ખુલ્લી જગ્યામાંથી ડેલીના ચોકમાં જુવાર નાંખતો અને વીડીયો કોલમાં કોઈ સાથે વાતચીત કરતો કરતો ઘરેથી જતો રહયાનું જોવા મળેલ હતુ. જેથી આ બાબતે નસરીનબેન તેની માતા અને ભાભી સાથે આરોપીના ઘરે જઈ ઠપકો આપવા જતાં આરોપીએ ભૂંડી ગાળો આપી માર મારતા વેરાવળ પોલીસમાં ફરિયાદ કરી હતી. ત્યારબાદ થોડા દિવસો પછી આરોપીએ મહિલાને બદનામ કરવા તેના ઈન્સ્ટાગ્રામ આઈ ડી પર નસરીનબેનના ફોટા સાથે અન્ય પુરુષના ફોટા મૂકી તેમાં વાંધાજનક લખાણ કરી પોસ્ટ કરી હતી. આ બાબતે નસરીન બેન દ્વારા પોલીસને જાણ કરતા સીટી પીઆઈ એચ.આર. ગોસ્વામી અને સર્વેલન્સ સ્ટાફએ આરોપી જાવીદ અલી મિર્ઝાને ત્વરીત ઝડપી લઈ તેના વિરૂદ્ધ આઈ. ટી.એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી પૂછપરછ હાથ ધરી છે. પોલીસને ફરીયાદી નસરીનબેનએ જણાવ્યા મુજબ તેણીના ચારેક વર્ષ પહેલા વેરાવળના યાકુબ મહમદ તાજવાણી સાથે લગ્ન થયેલ હતા. બાદમાં અણબનાવ બનતા પતિ વિરૂધ્ધ ૪૯૮(ક) મુજબની મહિલા પોલીસમાં ફરીયાદ નોંધાવેલ જે કેસ હાલ વેરાવળ કોર્ટમાં ચાલુ હોવાથી રીસામણે છે. આરોપી જાવીદ મિર્ઝા તેણીના પતિ યાકુબ સાથે સંપર્કમાં હોય જેથી આ સમગ્ર કાંડ પાછળ નસરીન બેનના પતિ યાકુબ તાજવાણીની કોઈ સંડોવણી છે કે કેમ તે દિશામાં પણ પોલીસે તપાસ હાથ ધરી છે.

## કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને મારી નાખવાની ધમકી આપી આતંકવાદી કહેનાર ભાજપના નેતાઓ સામે ગુનો નોંધો

**ગીર સોમનાથ કોંગ્રેસ સમિતિએ એસ.પી.ને આવેદનપત્ર આપ્યું**





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૧

ગીર સોમનાથ જીલ્લા કોંગ્રેસ સમિતિએ જીલ્લા સેવા સદન ખાતે બહોળી સંખ્યામાં એકત્ર થઈ જીલ્લા પોલીસ અધિક્ષકને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને જાનથી મારી નાખવાની ધમકી આપવાના મુદ્દે આવેદનપત્ર સાથે લેખિત ફરિયાદ આપી હતી. જીલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાને આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર તાજેતરમાં ભાજપના નેતા તરવિન્દરસિંહ મારવાહએ તા. ૧૧/૦૯/૨૦૨૪ના ભાજપના એક કાર્યક્રમમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને ખુલ્લેઆમ જાનથી મારી નાખવાની ધમકી આપતા કહ્યું હતું કે "રાહુલ ગાંધી બાઝ આજા, નહીં તો આને વાલે ટાઈમ મેં તેરા ભી વહી હાલ હોગા જો તેરી દાદી કા હુઆ" (શ્રીમતી ઈન્દિરા ગાંધીની જેમ હત્યા). ઉપરાંત મહારાષ્ટ્રમાં ભાજપની સહયોગી પાર્ટી શિંદે સેના ધારાસભ્ય સંજય ગાયકવાડએ તા.૧૬-૯-૨૦૨૪ના રોજ જાહેરમાં ૧૧ લાખ રૂ.ના ઈનામની જાહેરાત કરી જે કોઈ વિપક્ષના નેતા રાહુલ ગાંધીની જીભ કાપશે તેને ૧૧ લાખ ઈનામ આપીશ. આ ઉપરાંત રેલ્વે રાજય મંત્રી રવનીત બિટ્ટુએ તા.૧૫-૯-૨૦૨૪ના રોજ મીડિયા સાથે જાહેરમાં વાત કરતી વખતે, વિપક્ષના નેતા રાહુલ ગાંધીને 'દેશનો નંબર વન આતંકવાદી' કહ્યા હતા. એ જ રીતે, તા.૧૬-૯-૨૦૨૪ ના રોજ ભાજપના નેતા અને યુપીના મંત્રી રઘુરાજ સિંહે પણ જાહેરમાં કહ્યું કે વિપક્ષના નેતા રાહુલ ગાંધી ભારતના નંબર વન આતંકવાદી છે. આમ ભાજપ અને તેની સહયોગી પાર્ટી ઓના નેતાઓ દ્વારા વિપક્ષ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને મારી નાખવાની ધમકી તેમજ આતંકવાદી સાથેસરખાવી અપમાન કરી રહ્યાના આક્ષેપ સાથે આજરોજ ગીર સોમનાથ જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કરશન બારડની આગેવાનીમાં કાર્યકરો પોલીસ ભવન ખાતે પહોંચ્યા હતા. જ્યાં જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાને આવેદનપત્ર સાથે ફરિયાદ અરજી આપી રાહુલ ગાંધીને જાનથી મારી નાખવાની ધમકી આપી ઉશ્કેરણી કરનારાઓ સામે કાયદાકીય રીતે કાર્યવાહી અર્થે FIR નોંધવા રજુઆત કરી હતી.

## જૂનાગઢ જિલ્લાના ખેડૂતો માટે ખરીફ કઠોળના ઊભા પાકોમાં સંકલિત રોગ- જીવાત નિયંત્રણ માટેની માર્ગદર્શિકા જાહેર કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ જિલ્લાના તમામ ખેડૂતો માટે ખરીફ કઠોળના ઊભા પાકોમાં સંકલિત રોગ- જીવાત નિયંત્રણ માટેની માર્ગદર્શિકા અને પગલાં જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરી દ્વારા જાહેર કરવામાં આવ્યા છે. જેમાં જણાવ્યા અનુસાર, ખેતરમાં મોલોના ઉપદ્રવ સાથે જ કુદરતી રીતે તેના પરભક્ષી કિટક લેડીબર્ડ(ડાળીયાં) પણ દેખાય છે. જેનું પુખ્ત તેમજ ઈયળ મોલોને ખાઈ તેનું નિયંત્રણ કરે છે, આ સમયે રાસાયણિક દવાનો છંટકાવ ટાળવો અથવા જરૂર જણાયતો વનસ્પતિ આધારીત દવાનો છંટકાવ કરવો.મોલોના જૈવિક નિયંત્રણ માટે પરભક્ષી ક્રાયસોપાનાં ઈંડા અથવા ઈયળો (હેક્ટર દીઠ ૫૦,૦૦૦) છોડવા. સફેદમાખીના પરભક્ષી કીટક જેવા કે એક્રારસીયા નામની ભમરી છોડવી. મોલો મશી, થ્રિપ્સ, તડતડિયા,સફેદ માખી, રાતી કથીરી, ચીકટો, શીંગના ચૂસિયા જેવી ચૂસિયા જીવાતોનો શરૂઆતમાં ઉપદ્રવ ઓછો હોય ત્યારે ૫૦૦ ગ્રામ લીંબોળીના મીંજનો અર્ક (૫% અર્ક) ૧૦ લીટર પાણીમાં અથવા લીંબોળીનું તેલ ૪૦ મીલી/૧૦ લીટર માં ઉમેરી છંટકાવ કરવો. લીલી ઈયળની ફૂંદી પીળા રંગ તરફ આકર્ષતી હોઈ તુવેર જેવા પાકોમાં ખેતરો ફરતે તેમજ પાકની વચ્ચે છુટાછવાયા ગલગોટાનું વાવેતર કરવું તેમજ ખેતરમાં હેક્ટરદીઠ ૪૦ ફેરોમોન ટ્રેપ ગોઠવવી. રાત્રીના સમયે ખેતરમાં પ્રકાશ-પિંજર ગોઠવવા. ખેતરમાં જયાં લાઈટની વ્યવસ્થા થઈ શકે ત્યાં વિદ્યુત ગોળો ગોઠવી તેની નીચે પાણી ભરેલ ટ્રે ગોઠવી તેમાં જંતુનાશકદવાનાં ૧ થી ૨ ટીંપા નાખવા, જેથી રાત્રી દરમિયાન પ્રકાશ તરફ આકર્ષાયેલી ફૂંદીઓ પાણીમાં પડતાં તેનો નાશ થશે. પક્ષીઓને બેસવા ટેકા/બેલીખડા પ્રતિ હેક્ટરે ૫૦ ની સંખ્યામાં ગોઠવવા જેથી પક્ષીઓ દ્વારા ઈયળો અને ફૂદીંનો નાશ થાય.તુવેરમાં લીલી ઈયળ તેમજ શીંગ માખીના નિયંત્રણ માટે લીંબડાની લીંબોળી ના મીંજનો ભુકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. ત્યારબાદ ૧૫ દિવસના અંતરે બીજા ૨ થી ૩ છંટકાવ કરવા. જૈવિક નિયંત્રણ માટે બેસીલસ થુરેન્જીન્સીસ નામનાં જીવાણુંનો પાવડર ૧૫ ગ્રામ અથવા બીવેરીયા બેસીયાના નામની ફુગનો પાવડર ૪૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો અથવા ન્યુકિલયર પોલીહેડ્રોસીસ (એનપીવી) વાયરસ ૨૫૦ઈયળએકમ (૨૫૦એલઈ) જરૂરી પાણીનાં જથ્થામાં ઉમેરી હેક્ટર વિસ્તારમાં છાંટવું. આ અંગે વધુ જાણકારી મેળવવા માટે આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, ખેતી અધિકારીશ્રી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક વિસ્તરણ, નાયબ ખેતી નિયામક તાલીમનો સંપર્ક સાધી શકાશે. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## તાલાલા તાલુકાના ૧૩ ગામોના ગામતળ વધારવાની જમીન હક્કનાં ઓર્ડરની સોંપણી કરાઈ





(પ્રતિનિધિ દ્વારા)

ગીર સોમનાથ તા.૨૧

જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા અને તાલાલા ધારાસભ્ય ભગવાનભાઈ બારડની ઉપસ્થિતીમાં તાલાલા મામલતદાર કચેરી ખાતે ૧૩ ગામોના ગામતળ વધારવા માટેનો જમીનનો હુકમ ઓર્ડર સરપંચ/વહીવટદારોને સોંપવામાં આવ્યો હતો. કલેક્ટરએ જણાવ્યું હતું કે, સારી ટીમ વર્કના કારણે ટૂંક સમયમાં વહીવટી તંત્રએ વર્ષો જુના પ્રશ્નનું નિરાકરણ લાવીને કામગીરી પૂર્ણ કરીને સુશાસનનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડ્યું છે. ૧૩ ગામોના ગામતળ વધારા માટેના જમીનના હક્કો વન વિભાગ પાસેથી મેળવી અને ગ્રામ પંચાયતોને સોંપવામાં આવ્યા છે. ટૂંક સમયમાં વધારાના ગામતળમાં વિકાસને લગતા કામો પણ હાથ ધરવામાં આવશે. વધુમાં, તેમણે વધારાના ગામતળની મળેલી જમીનનો સદુપયોગ કરીને શૈક્ષણિક સહિતના તમામ ક્ષેત્રોએ આગળ વધીને દેશના વિકાસમાં સહભાગી બનવાની આશા વ્યક્ત કરી હતી. ધારાસભ્ય ભગવાનભાઈ બારડે જણાવ્યું હતું કે, ૧૩ ગામોમાં વિકાસને લગતા કામો સરળતાથી હાથ ધરી શકાશે અને નાના માણસોને કોઈપણ મુશ્કરી ન પડે તે સુનિશ્ચિત કરવામાં આવશે તેમ વધુમાં ઉમેર્યું હતું. તાલાલા તાલુકાના સુરવા, હડમતીયા, જાવંત્રી, વડાળા, બામણાસા, ધાવા, જશાપુર, વાડલા, મંડોરણા, માધવપુર જાંબુર, ચિત્રોડ, રમરેચી, હિરણવેલ ગામોને ગામતળની વધારાની જમીનનાં વનવિભાગ પાસેથી કબ્જો મેળવીને પંચાયત વિભાગને આપવામાં આવ્યાં છે. ગામોના વિકાસ માટેના કામો હાથ ધરી શકાશે. આ તકે અધિક નિવાસિ કલેકટર રાજેશ આલ, પ્રાંત અધિકારી વિનોદ જોષી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી નાગાજણ તરખાલા, ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ સહિતના સંબંધિત વિભાગના અધિકારી-પદાધિકારી ઉપસ્થિત રહ્યાં હતાં.

## જૂનાગઢ જીલ્લાના ખેડુતો માટે વિવિધ સહાય યોજના માટે આઈ ખેડૂત પોર્ટલ તા. ૨૩ સપ્ટેમ્બરથી ખુલ્લુ મુકાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

ખેડુતોએ ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ મેળવવા અરજી કરવા સારૂ જૂનાગઢ જિલ્લા માટે આઇ ખેડુત પોર્ટલ ખોલવામાં આવનાર છે.

જૂનાગઢ જિલ્લાના ખેડૂતોએ વર્ષ ૨૦૨૪-૨૫ માટે ખેતીવાડી ખાતાની વિવિધ યોજનાઓના ઘટકો જેવા કે ખેત ઓજાર,એગ્રો સર્વિસ પ્રોવાઈડર, પાક મુલ્યવૃધ્ધિ, ફાર્મ મશીનરી બેંક,મિલેટ પ્રોસેસિંગ યુનિટ,તાડપત્રી, પાકસંરક્ષણ સાધનો- પાવર સંચાલીત, પંપ સેટ્સ, સોલાર પાવર યુનિટ / કીટ, વોટર કેરીંગ પાઈપલાઈન અને રાઈડ ઓન સેલ્ફ પ્રોપેલ્ડ મલ્ટીપર્પઝ ટૂલબાર સનેડો માટે www. ikhedut. gujarat. gov.in પોર્ટલ ઉપર તા. ૨૩-૯-૨૦૨૪ સવારે ૧૦:૩૦ કલાકથી દિન-૭ સુધી ઓનલાઈન અરજીઓ માટે ખુલ્લું મુકવામાં આવશે. ખેતીવાડીની યોજના હેઠળ લાભ મેળવવા માંગતા હોય તેવા ખેડૂત મિત્રોએ ઓનલાઈન અરજી કરવા વિનંતી છે. જેની નોંધ લેવા સૌ ખેડૂત મિત્રોને જણાવવામાં આવે છે. આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, ખેતી અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક(વિસ્તરણ), નાયબ ખેતી નિયામક(તાલીમ)નો સંપર્ક કરવો. આ અંગે જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયુ છે.

### અવસાન નોંધ

ઊના : નર્મદાશંકર હરિશંકર મહેતા (ઉ.વ.૧૦૦) તે નવીનભાઈ, અંબાશંકર ભાઈ, દીપકભાઈ, કાંતા બેન જયંતિ ભાઈ રવૈયા (ઊના), રંજનબેન વજેશંકર ચાવડા ગોર (રાજુલા), વિલાસબેન દિલીપભાઈ જોશી (સેલવાસ)ના પિતાશ્રી અને અભિષેક અને ધવલ ના દાદા તા.૧૯/૯/૨૦૨૪ના રોજ અવસાન પામેલ છે. તેમનું બેસણું તા.૨૩/૯/૨૦૨૪ને સોમવારના સાંજે ૪ થી ૬ તેમના નિવાસ સ્થાનને અંબાજી નગર ટેલિફોન એકસચેન્જ પાછળ ઉના રાખેલ છે.

## ઊનાના દેલવાડા ગામ આગળ બે મોટર સાયકલ વચ્ચે અકસ્માત થતા એકનું મોત બેને ઈજા

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૨૧

ઊના તાલુકાના નવાબંદર ગામના સમીરભાઈ હનીફભાઈ ચોહાણ, તનવીર હનીફભાઈ આરબ, ફેજાન બચુભાઈ સમા ભાડેલા રે. તમામ નવાબંદર તા. ઊના ઉનાથી મોટર સાયકલ નંબર જીજે-૧૧-જેજે-૫૮૫૬ઉપર નવાબંદર ગામે આવતા હતા ત્યારે દેલવાડા ગામની આગળ દીવ ચોકડી નજીક આરોપી સાગર રમેશભાઈ બાંભણિયા રે. નવા બંદર વાળાએ તેના કબજા વાળું મોટર સાયકલ જીજે-૩૨-એબી-૯૦૧૪ નશો કરી પુર ઝડપે અને બેફિકરાઈ ચલાવી આગળ જતું ટ્રીપલ સવારી વાળા મોટર સાયકલને પાછળથી ભટકાવતા ત્રણે યુવાનો રોડ ઉપર પડી ગયા હતા અને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઊના હોસ્પિટલે સારવાર માટે ખસેડાયા હતા જેમાં મોટર સાયકલ ચાલક સમીર હનીફભાઈ ચોહાણનું મૃત્યું થયું હતું અને તનવીર હનીફને ગંભીર હાલત છે. પોલીસમાં મોટર સાયકલ ચાલક સાગર રમેશભાઈ બાંભણિયા રે. નવા બંદર વાળા સામે અકસ્માત કરી ઈજા પહોંચાડી એકનું મોત નિપજાવી ગુનો નોંધાવ્યો હતો. ઊના પોલીસે આરોપી મોટરસાયકલ ચાલકની ધરપકડ કરી વધુ તપાસ કરી રહી છે.

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, સરદાર પટેલ સહભાગી સિંચાઇ પેટા વિભાગ નં.૨૯, રાજમહેલ રોડ, એલ.કે. હાઇસ્કુલ સામે, કેશોદની કચેરી દ્વારા ઓફ લાઈન ટેન્ડર નોટીસ નં. ૨ સને ૨૦૨૪-૨૫ થી માન્ય યાદીની "ઇ-૨" અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલા ઠેકેદારો પાસેથી સ્ટાન્ડર્ડ બીડીંગ ડોક્યુમેન્ટ પ્રોક્યુરમેન્ટ ઓફ સીવીલ વર્ક (SBD Format) મુજબ સરદાર પટેલ સહભાગી સિંચાઇ પેટા વિભાગ નં.૨૯, કેશોદની કચેરી ખાતેના કુલ-૦૧ કામ માટે ઓફલાઈન ટેન્ડર દ્વારા ભાવો માંગવામાં આવે છે. આ કામના કોરા ટેન્ડર પેપર માટે ટેન્ડર ફી રૂ.૬૦૦/- રોકડા ભર્યેથી તેમજ જરૂરી ડોક્યુમેન્ટ રજુ કર્યેથી તા.૨૦/૦૯/૨૦૨૪ થી તા.૦૪/૧૦/૨૦૨૪ ના રોજ ૧૬=૦૦ કલાક સુધી આપવામાં આવશે. ભાવ ભરેલ ટેન્ડરો ફકત રજી.એ.ડી./સ્પીડ પોસ્ટ દ્વારા જ તા.૧૧/૧૦/૨૦૨૪ ૧૬=૦૦ કલાક સુધીમાં મોકલવાના રહેશે. ટેન્ડર રૂબરૂ, કુરીયર કે સાદી ટપાલની સ્વીકારવામાં આવશે નહીં. ભાવ ભરાયને આવેલ ટેન્ડરો તા.૧૧/૧૦/૨૦૨૪ ના ૧૭=૦૦ કલાકે આ કચેરીમાં ખોલવામાં આવશે. બાનાની રકમની એફ.ડી.આર. વગરના ટેન્ડરો અમાન્ય/રદ ગણાશે. વધુ વિગતો માહિતી ખાતાની વેબસાઇટ "www.statetenders.gujarat.gov.in" પર મળશે.

માહિતી/જુના/જા.ખ./૭૫૨/૨૪

ગુજરાત સરકાર

નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

જાહેર નિવિદા નં. ૪ સને ૨૦૨૪-૨૫

કાર્યપાલક ઇજનેરશ્રી, જુનાગઢ સિંચાઇ યોજના વિભાગ, ૨/૩ બહુમાળી ભવન, જુનાગઢ (ફોન નં.૦૨૮૫-૨૬૩૦૩૨૯) કચેરી હસ્તકની ટાટા સુમો ગોલ્ડ જીપ કાર નં. જીજે-૧૮-જીએ-૨૮૨૬ ને તાત્કાલીક રીપેરીંગ કરાવવા માટે આથી રસ ધરાવતા વાહન રીપરીંગના ગેરેજ પાસેથી ભાવો અત્રેની કચેરીને તા.૨૫/૯/૨૦૨૪ ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં રજી.એ.ડી./સ્પીડપોસ્ટથી સીલબંધ કવરમાં મળે તે પ્રમાણે મોકલવાના રહેશે. આવેલ ભાવો તેજ દિવસે હાજર રહેલ આસામીઓની રૂબરૂમાં ખોલવામાં આવેશે. કોઇ પણ કે બધા જ ભાવ કારણ આપ્યા સિવાય નામંજુર કરવાની સત્તા સક્ષમ અધિકારીશ્રીને આધારિત રહેશે.

માહિતી/જુના/જા.ખ./૭૫૨/૨૪

# જૂનાગઢને દિવાળીની 'ખાસ ભેટ' આપવા વિચારણા

## ખરાબ, રસ્તા, બેફામ ભ્રષ્ટાચાર વચ્ચે ખદબદતા જૂનાગઢનાં નગરજનોની વેદનાનો અંત લાવવા સરકાર દ્વારા ખાસ રાહત પેકેજ અપાઈ તેવા નિર્દેશો

જૂનાગઢ તા.૨૧

પ્રાથમિક સુવિધાનો અભાવ અને ભ્રષ્ટાચારી મનપાનાં શાસનથી ગળે આવી ગયેલ જૂનાગઢને દિવાળીની અનોખી ભેટ આપવનાં ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા 'ફુલગુલાબી' પેકેજ આપવામાં આવે તેવા નિર્દેશો મળી રહયા છે અને જે અંગેની જાહેરાત નજીકના સમયમાં કરવામાં આવે તેવી શકયતા નકારી શકાતી નથી.

જૂનાગઢ શહેરની હાલત હાલ ખુબ જ વિકટ બની ગઈ છે. ખાસ કરીને ખરાબ રસ્તા અને વિકાસનાં નામે આડેધડ કામગીરી કરી પ્રજાનાં પૈસાનો બેફામ દુરઉપયોગ, વેડફાટ કરી પ્રજાનાં હૃદયમાંથી સાવ ઉતરી જવાનું કામ જૂનાગઢ મનપાનાં ભાજપનાં શાસકોએ કર્યુ હોવાનું હવે તો જગજાહેર બની ગયું છે. ભાજપ શાસીત મનપાની વર્તમાન બોડીની મુદત પુરી થયા બાદ મનપાની સતા કમિશ્નર ડો.ઓમ પ્રકાશને સોંપવામાં આવી છે. અને આગામી મનપાની ચુંટણી યોજાઈ તે પહેલા જ ગુમાવેલી આબરૂ પાછી મેળવવા માટે નજીકનાં સમયમાં જ સારા કાર્યો અને કામગીરી કરવા માટે છુપા આશિર્વાદ કમિશ્નરશ્રીને અપાયા હોવાનાં નિર્દેશો પણ મળી રહયા છે. છેલ્લા કેટલાક સમય થયા જૂનાગઢ મહાનગરપાલીકાનું શાસન ભાજપનાં હાથમાં હોવા છતાં પણ મનપા તંત્ર દ્વારા લોકો પ્રજાલક્ષી કામગીરીને વખાણે તેવું કંઈ ઉકાળી શકયા નથી અને આવા સમયમાં મનપાની આવનારી ચુંટણીમાં લોકો વચ્ચે કેમ જવું અને કયાં મોઢે મત માંગવા તે પ્રશ્ન ભારે જટીલ બન્યો છે જો લોકોની સમસ્યાઓ હલ કરી અને નકકર કાર્યવાહી ન થાય તો પણ આવનારી મનપાની ચુંટણીમાં તેનું ભયંકર પરિણામ ભાજપને ભોગવવું પડે તેમ છે. એક તો બે જવાબદાર રીતે વિકાસનાં બહાનાં હેઠળ કરવામાં આવતા કામો ખાસ કરીને ભુગર્ભ ગટરની કામગીરી, રસ્તાઓને વારંવાર ખોદવા અને યોગ્ય રીતે સમારકામ, રીપેરીંગ ન કરવા તેમજ સંખ્યાબંધ વિકાસનાં કામોમાં ભારે ભ્રષ્ટાચાર આપવામાં આવ્યો હોવાની અનેક ફરીયાદો ગાંધીનગર સુધી પહોંચી ગઈ છે અને આવી ફરીયાદોનાં જાણે ઢગલા ખડકાયા છે. પ્રજાનો રોષ હાલ જવાળા બનીને ફાટી રહયો છે. વર્તમાન ભાજપનાં શાસકોની મુદત પુર્ણ થયા બાદ તેઓને ઘર ભેગા હાલ કરી દેવાયા છે. જૂનાગઢ શહેરની હાલત દિવસે દિવસે કફોડી થઈ રહી છે.

વોંકળા ઉપરના દબાણો, ગેરકાયદેસર બાંધકામો અને ભ્રષ્ટાચારનાં અનેક કૌભાંડ રોજ રોજ બહાર પડી રહયા છે. આવા કૌભાંડને કારણે લોકોમાં એક બાબત અંકિત થઈ ગઈ છે કે મનપાનું શાસન મેળવ્યા બાદ ભાજપનાં કેટલાક નેતાઓ ભ્રષ્ટાચાર આચર્યો છે અને આવી માનસીકતા હાલ લોકોમાં ફેલાયેલી છે. દિવાળી પહેલા કે દિવાળી બાદ જૂનાગઢ મહાનગરપાલીકાની ચુંટણી આવવાની છે અને આ ચુંટણી માટે ઉમેદવારની પસંદગી કરવી તે પણ આ વખતે ભાજપ માટે લોઢાનાં ચણા ચાવવા જેવી બાબત છે એવા ઉમેદવારોને પસંદ કરવા પડશે કે જેને લોકો હોંશે હોશંશે આવકારી ખોબલે ને ખોબલે મત આપી ભાજપને સંપુર્ણ બહુમતી આપી શકે અને એટલા માટે આવનારી મનપાની ચુંટણી માટે ભાજપમાંથી કોણ ઉમેદવાર સ્વચ્છ પ્રતિભા ધરાવે છે તે માટેનાં ખાનગી રીતે સર્વે કરવામાં આવી રહયો છે. એટલું જ નહી ભાજપના પીઢ અને હાંસીયામાં ધકેલાઈ ગયેલા વરીષ્ઠોનું પણ માર્ગદર્શન લેવામાં આવી રહયું છે.

જૂનાગઢ શહેર એટલે ખરાબ રસ્તા, ભ્રષ્ટાચારનો ભોરીંગ અને વિકાસનાં નામે વિનાશ કરી ઘર ભરવાની કથિત કામગીરીથી ડહોળાયેલા આ શહેરને કંઈક નવું અનોખુ આપવા માટેની મથામણ અને મનોમંથન ઘણા સમયથી ચાલી રહયું છે. જૂનાગઢ શહેરની પ્રજાને લાઈટ, પાણી, રસ્તા સહિતની પાયાની સુવિધાઓ 'ટનાટન' આપવા માટેનો માસ્ટર પ્લાન ઘડાઈ ગયો છે અને આવનારા તહેવારોનાં દિવસોમાં એટલે કે દિવાળીનાં તહેવાર ટાણે જ જૂનાગઢને ખાસ અનોખી ભેટ આપવાની કવાયત ચાલી રહી હોવાનાં નિર્દેશો મળી રહયા છે.

જો કે ગુજરાત સરકારનાં મુખ્યમંત્રી રહી ચુકેલા હાલનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં ચારેય હાથ જૂનાગઢ શહેર ઉપર રહયા છે. તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, આનંદીબેન પટેલ, વિજયભાઈ અને વર્તમાન મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકાર દ્વારા શહેરી વિકાસ અંતર્ગત જૂનાગઢ શહેરને અઢળક નાણાં આવ્યા છે પરંતુ સરકારશ્રી તરફથી મળતા નાણાંનો ઉપયોગ આડેધડ કામગીરી કરીને વેડફી નાખવામાં આવ્યો હોવાનો મત સર્વત્ર પ્રવર્તી રહયો છે. જૂનાગઢ શહેરની વર્તમાન સમસ્યા અને કહેવાતા ભાજપ શાસકોનાં કારનામાંથી પણ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પુરે પુરા વાકેફ છે અને એટલા માટે જ આગામી મનપાની યોજાનારી ચુંટણીમાં આવા નેતાઓનાં પતા કાપી નાંખવાનું મન બનાવી લીધું છે તેમજ જૂનાગઢની જનતાને ખુશ કરવા અને તમામ સમસ્યાઓના નિકાલ માટેની કવાયતો હાથ ધરવામાં આવી રહી છે અને દિવાળી જેવો તહેવાર નજીક આવી રહયો છે ત્યારે જૂનાગઢને ગુજરાત સરકાર દ્વારા અનોખી ભેટ સમાન રાહત પેકેજ આપવામાં આવે તેવા નિર્દેશો મળી રહયા છે.

# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા ક્રિષ્ના આર્કેડ અને જીલ્લા ભાજપ કાર્યાલયના બિલ્ડીંગના બાંધકામ અંગે તપાસ હાથ ધરાઈ

## મનપાની ટીમ દ્વારા સ્થળ ખરાઈ કરી બિલ્ડીંગના ડોકયુમેન્ટ વેરિફાઈ કરવાની કામગીરી અંતર્ગત ગેરરીતી સામે આવશે તો આગળની કાર્યવાહી હાથ ધરાશે



જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલની માલિકીનો ક્રિષ્ના આર્કેડ નામનો બિલ્ડીંગ તેમજ જીલ્લા ભાજપ કાર્યાલયના બાંધકામમાં પણ ગેરરીતી આચરાઈ હોવાના પૂર્વ કેબીનેટ મંત્રી જવાહર ચાવડાએ એક પત્ર દ્વારા વડાપ્રધાનશ્રીને માહિતગાર કર્યાના બનાવ બાદ જૂનાગઢ શહેર અને જીલ્લામાં ગેરકાયદેસર બાંધકામનો મુદ્દો ફરી એકવાર ચર્ચાને ચકડોળે ચડયો છે. જોકે, જૂનાગઢ શહેરમાં ગેરકાયદેસર બાંધકામોનો મુદ્દો ઘણા સમયથી ગાજી રહ્યો છે અને તેમાં પૂર્વ કેબીનેટ મંત્રી જવાહર ચાવડાના જાહેર કરાયેલા પત્રને પગલે ભારે હલચલ મચી જવા પામી છે. જીલ્લા ભાજપ કાર્યાલય અને ક્રિષ્ના આર્કેડનું બાંધકામ સામે સળગતો સવાલ ઉભો થયો છે ત્યારે જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશ્નર તરીકે ફરજ બજાવી રહેલા ડો.ઓમપ્રકાશ દ્વારા આ બંને બિલ્ડીંગના તપાસના આદેશો જારી કરવામાં આવતા ખળભળાટ મચી જવા પામેલ છે.

છેલ્લા કેટલાક દિવસોથી જૂનાગઢ જીલ્લા ભાજપમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો છે. ખાસ કરીને ભાજપના પૂર્વ મંત્રી જવાહર ચાવડાએ લેટરબોંબ જારી કરી અને જૂનાગઢ ખાતે જીલ્લા ભાજપનો કાર્યાલય પ્રમુખ કિરીટ પટેલ દ્વારા નિર્મિત કરવામાં આવ્યું છે તે ગેરકાયદેસર હોવાનો ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે. એટલું જ નહીં ક્રિષ્ના આર્કેડ નામના બિલ્ડીંગમાં પણ ભારે ગેરરીતી થઈ હોવાના આક્ષેપો આ પત્રમાં કરવામાં આવી છે. ભાજપના પૂર્વ મંત્રી જવાહર ચાવડાના એક પછી એક પત્ર વાયરલ થયા બાદ જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલે પણ એક પત્રકાર પરિષદ બોલાવી હતી અને તમામ આક્ષેપોને પાયાવિહોણા બતાવ્યા હતા. એટલું જ નહીં જીલ્લા ભાજપ કાર્યાલય અને ક્રિષ્ના આર્કેડ નામના બિલ્ડીંગમાં કોઈ જ ગેરરીતી થઈ નથી તેવો દાવો કર્યો હતો. તો બીજી તરફ બન્ને બિલ્ડીંગના બી.યુ. સર્ટીફીકેટ અને વિકાસ પરમીશન જાહેર કરવામાં આવેલ છે. બીયુ પરમીશનમાં મનપાના આસી. કમિશ્નરની સહી હોવાનું પણ સામે આવ્યું છે. દરમ્યાન જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશ્નર ડો.ઓમપ્રકાશે આ બન્ને બિલ્ડીંગના બાંધકામને લઈને તપાસના આદેશો જારી કર્યા છે અને જણાવ્યું છે કે, ક્રિષ્ના આર્કેડ અને જીલ્લા



ભાજપ કાર્યાલના બિલ્ડીંગના બાંધકામ સામે તપાસ શરૂ કરવામાં આવી છે અને જેમાં ખાસ કરીને ટીમ દ્વારા સ્થળ ખરાઈ કરીને બિલ્ડીંગના ડોકયુમેન્ટ વેરીફાઈ કરવાની કામગીરી અને બાંધકામને લગતા નિયમોની ચકાસણી કરવામાં આવી રહી છે. અને આ તપાસ પૂર્ણ થયે કોઈપણ ગેરરીતી સામે આવશે તો તે અંગે નોટિસ આપીને કાર્યવાહી કરવામાં આવશે. તેવો નિર્દેશ આપવામાં આવ્યો છે.

# જૂનાગઢ જિલ્લાના તમામ તાલુકાઓમાં વિવિધ માર્ગોને સુગમ બનાવવા દિવસ - રાત થઈ રહેલી સરાહનીય કામગીરી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ જિલ્લાના તમામ તાલુકાઓમાં ગ્રામ્ય વિસ્તારને શહેર સાથે જોડતા વિવિધ માર્ગોને સુગમ બનાવવા માટે માર્ગ અને મકાન વિભાગ (રાજય) દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે. ભારે વરસાદને કારણે ક્ષતિગ્રસ્ત થયેલા તમામ માર્ગોની મરામત કામગીરી દિવસ-રાત પુરજોશમાં કરવામાં આવી રહી છે. માર્ગો ઉપર પડેલા ખાડાના કારણે પ્રજાને હાલાકી ન પડે તે માટે કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ ડામર પેચવર્ક સહિતની સઘન મરામત કામગીરી હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત માર્ગ અને મકાન વિભાગ (રાજય) દ્વારા જિલ્લામાં ગ્રામ્ય રસ્તાઓને શહેર સાથે જોડતા રસ્તાઓ ઉપર પડેલા ખાડાની પેચવર્ક કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં જૂનાગઢ-ખડિયા-મેંદરડા-સાસણ, જૂનાગઢ-રવની-





## માર્ગ અને મકાન (રાજય) વિભાગ હસ્તકના ૯૪ રસ્તાઓ પૈકી જરૂરીયાત વાળા રસ્તા પર મેટલપેચ તથા આસ્ફાલ્ટ પેચવર્કની કામગીરી

છત્રાસા, વંથલી-માણાવદર-બાંટવા-સરાડીયા રોડ સહીત જુદા જુદા ગામો - વિસ્તારોનાં માર્ગો પર પડેલા ખાડાઓમાં ડામર તથા મેટલ પેચવર્ક કરી મરામત કામગીરી હાથ ધરવામાં આવી છે. જૂનાગઢ જિલ્લા માર્ગ અને મકાન વિભાગ (રાજય) હસ્તકના ૯૪ રસ્તાઓની કુલ ૧૦૦૪.૪૮કિ.મી લંબાઈ પૈકી મેટલપેચની જરૂરીયાત વાળા રસ્તા પર મેટલપેચની કામગીરી પૂર્ણ કરવામાં આવેલી છે, આસ્ફાલ્ટ પેચવર્કની જરૂરિયાત વાળી ૨૫.૫ કિ.મી. લંબાઈમાં મરામત કામગીરી શરૂ કરવામાં આવેલી છે. જે લંબાઈ પૈકી ૧૦.૯ કિ.મી. લંબાઈમાં આસ્ફાલ્ટ પેચવર્કની કામગીરી પૂર્ણ કરવામાં આવેલી છે તેમજ બાકી રહેતી કામગીરી પ્રગતિમાં છે જે ટુંક સમયમાં જ પૂર્ણ કરવામાં આવશે.

# માણાવદરના ખાંભલા ગામે પાણીની કુંડીમાં ડુબી જતા બાળકીનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

માણાવદરના ખાંભલા ગામે રમતા રમતા પાણીની કુંડીમાં અકસ્માતે પડી જતા ડુબી જવાથી બાળકીનું મોત થયાનું માણાવદર પોલીસ મથકે નોંધાયુ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માણાવદર પોલીસ મથકે ગોપાલભાઈ કનુભાઈ વાઘેલાએ જાહેર કરેલ કે પોતાની મૃતક પુત્રી ગોપીબોન(ઉ.વ.૧)વાળી વાડીએ રમતા રમતા પાણીની કુંડમાં અકસ્માતે પડી જતા ડુબી જવાથી મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# જૂનાગઢ : ભવનાથમાંથી રીક્ષાની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢના ભવનાથ વિસ્તારમાં રાખેલ રીક્ષા કોઈ અજાણ્યો શખ્સ ઉઠાવી ગયાની ફરીયાદ ભવનાથ પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ભવનાથ પોલીસ મથકે ઉમરભાઈ યુનુસભાઈ નાગોરીએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીએ પોતાની અતુલ ઓટો રીક્ષા નં.જીજે-૦૩-એઝેડ-૮૮૬૪વાળી ભવનાથ દતચોક ખાતે રાખેલ હોય જે તા.૧૫-૯-૨૪ના બપોરના ૧૨-૩૦થી ૧-૩૦ દરમ્યાન કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગીર વન્ય પ્રાણી અભયારણ્ય ૧૬ ઓક્ટોબર ૨૦૨૪થી પ્રવાસીઓ માટે ખુલ્લું મુકાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ જિલ્લામાં આવેલ સાસણગીર જંગલમાં ચોમાસા ઋતુ દરમ્યાન ગીર વન્ય પ્રાણી અભયારણ્ય તથા રાષ્ટ્રીય ઉદ્યાન નિયમ અનુસાર બંધ કરવામાં આવેલ હતું. જે ગીર વન્ય પ્રાણી અભ્યારણ સાસણગીર ખાતે ઈકો ટુરીઝમ ઝોન નિયત રૂટ ઉપર તા.૧૬ ઓકટોબર ૨૦૨૪થી પ્રવાસન સ્થળને પ્રવાસીઓ માટે ખુલ્લું મૂકવામાં આવશે. ગીર વન્ય પ્રાણી અભ્યારણ સાસણગીર તથા દેવડીયા ગીર પરિચય ખંડની મુલાકાતે પધારતા દેશ વિદેશના નાગરિકો તેમની પ્રવેશ પરમિટ આગોતરા ઓનલાઈન બુકિંગ કરાવી શકે તે માટે ગીર વન્ય પ્રાણી અભયારણ્ય સાસણગીર માટે ઓનલાઈન પરમિટ બુકિંગ શરૂ થઈ ગયેલ છે અને પ્રવાસીઓ ઓફિસિયલ



વેબસાઈટ https://girlion.gujarat.gov.in ઉપરથી પરમિટ બુકિંગ કરી શકશે. આ સિવાય ઓનલાઈન બુકિંગ માટે અન્ય કોઈને અધિકૃત કરવામાં આવેલ ન હોય માટે આ ઓફિસિયલ વેબસાઈટ ઉપરથી જ બુકિંગ કરવા તમામ નાગરિકોને વિનંતી છે. તેમ નાયબ વન સંરક્ષક વન્ય પ્રાણી વિભાગ સાસણગીર દ્વારા અખબારી યાદીમાં જણાવેલ છે.

# ટેન્ડરની શરતો મુજબ રોડ કામ પુર્ણ ન થતા અલ્પા કન્સ્ટ્રકશન કંપની ગોંડલને વ્યાજ સહિત રકમ ચુકવવાનો હુકમ કરતી જૂનાગઢ કોર્ટ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ જીલ્લાના જૂનાગઢ-ઈવનગર-મહોબતપુરા-મેંદરડા રોડના કામ માટે નિયમ મુજબ ગોંડલની અલ્પા કન્સ્ટ્રકશન કંપનીને કોન્ટ્રાકટ મળેલ હતો. પરંતુ નિયમ મુજબની સમયમર્યાદામાં કામ પુર્ણ ન થતા વધારાની ખર્ચની રકમ રૂા.૭,૭૮,૧૬૯/-ની રકમની નુકશાની જતા કાર્યપાલક ઈજનેર-પંચાયત માર્ગ અને મકાન વિભાગ-૨ જૂનાગઢ દ્વારા જૂનાગઢની કોર્ટમાં દાવો દાખલ કરવામાં આવેલ હતો. જેમાં જીલ્લા વિકાસ અધીકારી તરફથી વકીલ સ્નેહલ બી. જોષી રોકાયેલ હતા. આ દાવો કોર્ટ દ્વારા પુરાવાઓ લીધા બાદ ગુણદોષ ઉપર નિકાલ થતા જૂનાગઢના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ આર.જી. મીરાણી દ્વારા વાદીનો દાવો મંજુર કરવામાં આવેલ છે. વાદી તરફે સ્નેહલ બી. જોષીની સુપ્રીમ કોર્ટ તથા હાઈકોર્ટના ચુકાદાઓ સાથે ધારદાર રજુઆત કરતા કોર્ટે રૂા.૬,૨૯,૧૪૦/- રૂપિયા ૬% વ્યાજ સાથે દાવાની દાખલ તારીખથી આજ તારીખ સુધીના વ્યાજ તથા ખર્ચ સાથે મંજુર કરેલ છે. જેને કારણે સરકારી કોન્ટ્રાકટના કામોમાં વિલંબ કરનારા લોકોમાં ફફટાડ ફેલાયેલ છે.

# કચ્છમાં રાજયનાં સૌથી મોટા ૨૦૦ કરોડના લેન્ડગ્રેબીંગ કૌભાંડની ફરિયાદ નોંધાઈ

ગાંધીનગર,તા.૨૧

ભૂજમાં હિલ ગાર્ડન નજીક રીસોર્ટ માટે જમીન ફાળવાયા બાદ મહેસુલી તંત્રની નજર હેઠળ જ વધારાની ૩૦ હજાર ચો.મી. દબાવી દેવાયાની અને આ જમીન ખાલી કરાવવાની અરજી તંત્રને થઈ છે. ગુજરાતના ઈતિહાસમાં ૨૦૦ કરોડની સરકારી જમીન ખાલી કરાવવા આ સૌથી મોટી લેન્ડગ્રેબીંગની ફરિયાદ ગણાવાઈ રહી છે. જે અંગે કોઈ કાર્યવાહી નહીં થઈ રહ્યાનો આક્ષેપ થયો છે.

અરજદાર ૨૦૧૮થી મુખ્યમંત્રી સ્વાગત ફરિયાદ કાર્યક્રમમાં રજૂઆત કરતા હોવાનું જણાવાયું છે. સરકારી રેકર્ડ મુજબ માત્ર ૩૮૦૦ ચો.મી. જમીન નવી અવિભાજય શરતે હોટલ ઉદ્યોગ માટે કચ્છ કલેક્ટરે ફાળવેલ છે, પરંતુ સ્થળ સ્થિતી મુજબ હિલ વ્યુ રિસોર્ટના ૮ ભાગીદાર માલિકોએ લાગુની સરકારી ટ્રાવર્સ ૮૭૦/૧ ની જમીન પર ખુલ્લેઆમ દબાણ કરાયાની ફરિયાદ કરી હતી. આજ દિન સુધી કલેકટર દબાણની જમીન ખાલી કરાવી શક્યા નથી.

લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ મુજબ આશરે ૩૦૦૦૦ ચો.મી. દબાણ છે. ગુગલ ઈમેજમાં દબાણ વિસ્તાર દર્શાવતી તસ્વીરો અને મહેસુલી રેકર્ડ ફરીયાદીએ કમિટી સમક્ષ પ્રસ્તુત કર્યો છે અને આ દબાણ એરપોર્ટ રોડ ટચ સરકારી મિલકતની બજાર ભાવ પ્રમાણે આશરે રૂપિયા ૨૦૦ કરોડ આંકી છે.હિલ વ્યુ રિસોર્ટના ૮ ભાગીદાર માલિકો દ્વારા દબાણ જમીન પર બનાવેલ મોટા પાર્ટી પ્લોટ પર લગ્ન પાર્ટીઓનું આયોજન કરી ઈવેન્ટ દીઠ રૂપિયા ૫-૭ લાખ અને નાના પાર્ટી પ્લોટના રૂપિયા ૧.૫૦-૨.૦૦ લાખ તથા હોલના રૂપિયા ૦.૭૫ લાખ ભાડા વસૂલ કરી છેલ્લા ૮ વર્ષમાં કરોડોની કમાણી કરી છે.

# જૂનાગઢ : સોશ્યલ મીડીયા પર હથીયાર સાથેના ફોટા અને વીડીયો વાયરલ કરનાર ૪ વિરૂધ્ધ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢમાં સોશ્યલ મીડીયા પર હથીયાર વડે ફાયરીંગ કર્યાના વીડીયો અને ફોટા વાયરલ કરનાર ૪ વિરૂધ્ધ તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ ડી.કે.સરવૈયાએ ફરીયાદી બની આરોપી તરીકે ડાયાભાઈ થોભણભાઈ કટારા, કારાભાઈ થોભણભાઈ કટારા, રામ ડાયાભાઈ કટારા રહે.ત્રણેય ખલીલપુર અને ભાવેશગીરી પુરણગીરી ગોસ્વામી રહે.ટીંબાવાડીવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપી ડાયાભાઈ કટારાએ પોતાની પાસે હથીયાર રાખવાનુ લાયસન્સ નં.ડી.એમ જે.એન.ડી. આર થર્ડ ૧૦૨૨૦૨૨ નુ હથીયાર રાખતા હોય જે હથીયાર લાયસન્સની શરતનુ પાલન નહી કરી જાહેરમા દેખાઈ આવે તે રીતે લટકાડી રાખી તેમજ આરોપી કારાભાઈ કટારા પાસે કોઈ હથીયાર લાયસન્સ ન હોવા છતા પોતાના શરીરે બંદુકની ગોળીઓનો પટો પહેરી તેમજ હથીયાર પોતાની પાસે રાખી તેમજ આરોપી ભાવેશગીરી ગોસ્વામીએ પોતાની પાસેના લાઈસન્સ નં ડી.એમ એસ.ઓ.એમ થર્ડ ૨૬.૨૦૨૨ વાળુ હથીયાર લાયસન્સ ન ધરાવતા ઈસમને આપી તેમજ આરોપી રામ કટારાએ અગ્નિશસ્ત્ર હથીયાર વડે ફાયરીંગ કરી અજમાવતો હોય તેવો વીડીયો બનાવી તે ફોટાઓ તેમજ વીડીયો સોશીયલ મીડીયામા અપલોડ કરી લોકોમા ભયનો માહોલ ઉભો કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ ડામોરે હાથ ધરી છે.

# ચોરવાડમાં બનાવટી રોયલ્ટી પાસ બનાવી આપનાર વે-બ્રીજે ઓપરેટર વિરૂધ્ધ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

ચોરવાડ ખાતે વે બ્રીજ ઓપરેટરે ડુપ્લીકેટ ઈ-રોયલ્ટી પાસો બનાવી સરકારને આર્થિક નુકશાન કર્યાની ફરીયાદ ચોરવાડ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ચોરવાડ પોલીસ મથકે રોયલ્ટી ઈન્સ્પેકટર ભવદીપભાઈ જયવંતભાઈ ડોડીયાએ રાકેશ ઉકાભાઈ રાઠોડ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ ક્રીષ્ના વે-બ્રીજમાં ઓપરેટર તરીકે નોકરી કરતા હોય

જેઓ જયંતીભાઈ રામજીભાઈ ઠક્કરની ક્વોરી લીઝમાંથી નીકળતા ખનીજની રોયલટી પાસ બનાવતા હોય જે રોયલ્ટી પાસ ખોટા બનાવટી દસ્તાવેજનો ઠગાઈ કરવાનાં ઈરાદે બનાવી ટ્રેકટરનાં ડ્રાઈવરો પાસેથી રૂપીયા લઈ તેનાં બદલામાં ખોટી બનાવટી રોયલ્ટી આપી ખનીજ ટીમને તથા સાત ટ્રેક્ટરનાં ડ્રાઈવરને સાચી રોયલ્ટી પાસ તરીકે દર્શાવી સરકારી ઈ-રોયલ્ટી પાસો પર અન્ય વિગતો છાપી/પ્રિન્ટ કરી સરકારશ્રીના ઈ-રોયલ્ટી પાસ સાથે ચેડા કરી ફેક ઈ-રોયલ્ટી પાસો/ડુપ્લીકેટ દસ્તાવેજો જનરેટ કરી કુલ રૂા.૨૧,૨૮૦ની રકમની કસુરદાર દ્વારા સરકારને આર્થિક નુકશાન કર્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

